પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૩૦૨ • કુલ પાના : ૪ • તારીખ : ૧૮-૦૮-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ગુજરાતમાં સીઝનનો ૯૩ ટકા સાથે ૩૦ ઈંચ વરસાદ વરસ્યો

## ધરોઈ ડેમમાંથી પાણી સાબરમતીમાં છોડવામાં આવ્યું છે. જેને કારણે અમદાવાદ સહિતના સાત જિલ્લામાં એલર્ટ અપાયું



અમદાવાદ,

ગુજરાતમાં આ વર્ષે ચોમાસાની સીઝનમાં નિરંતર વરસાદી માહોલ જોવા મળ્યો છે. રાજયમાં હજુ ભારે વરસાદની આગાહી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ગુજરાતના કુલ ૫૮ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ, જ્યારે ૩૮ તાલુકામાં ૯૦થી ૯૮ ટકા સુધીનો વરસાદ ખાબકી ગયો છે. રાજ્યના ૧૮ તાલુકા અને દાહોદ જિલ્લામાં હજુ ૫૦ ટકા જેટલો પણ વરસાદ થયો નથી. દાહોદ જિલ્લામાં માત્ર ૪૮.૯૪ ટકા અને સૌથી ઓછો ખેડાના ઠાસરા તાલુકામાં ૧૦.૧૨ ઈંચ, એટલે કે સરેરાશ વરસાદના ૩૨.૩૬ ટકા જ થયો છે. આજે સવારે ૬થી ૮ વાગ્યા સુધીમાં ૧૦૮ તાલુકામાં વરસાદ ખાબકી ગયો છે, જેમાં ૩.૮૮ ઈંચ વરસાદ ખાબક્યો છે. આજે રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે, જેમાં સાત જિલ્લામાં ઓરેન્જ અને ૩ જિલ્લામાં યેલો એલર્ટની આગાહી કરાઈ છે. ધરોઈ ડેમમાંથી પાણી સાબરમતીમાં છોડવામાં આવ્યું છે. જેને કારણે અમદાવાદ સહિતના સાત જિલ્લામાં એલર્ટ આપવામાં આવ્યું છે.આજે બનાસકાઠમાં ભારે વરસાદ થયો છે જયારે પાલનપુરમાં આભ ફાટયું છે.જૂનાગઢમાં પણ ભારે વરસાદના અહેવાલો છે.


હવામાન વિભાગ તરફથી ગુજરાતમાં આગામી પાંચ દિવસ માટે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, રાજયમાં પાંચ દિવસ સુધી વરસાદી માહોલ યથાવત્ રહેશે. આગામી ૨૪ કલાકમાં કચ્છ, બનાસકાંઠા, પાટણ, જામનગર, રાજકોટ, પોરબંદર, સુરેન્દ્રનગરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન માછીમારોને દરિયા ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. ઉપરવાસમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડાતાં સરદાર સરોવર ડેમની સપાટીમાં ઘટાડો થયો છે. સરદાર સરોવર ડેમના કુલ ૨૩ દરવાજા ખોલવામાં આવ્યા છે. ડેમના ૨૩ દરવાજા ૩.૨૫ મીટર ખોલાયા છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨૧ તાલુકામાં મેઘમહેર થઈ છે. સુરતના પલસાણામાં ૮.૫૪, તાપીના વ્યારામાં ૮.૪, ડોલવણ અને બારડોલીમાં ૬.૭૭, સોનગઢમાં ૫.૭૮ ઈંચ વરસાદ ખાબક્યો છે. અમદાવાદ શહેરમાં આ વર્ષે અત્યારસુધીમાં મોસમનો સો ટકા વરસાદ વરસી ગયો છે. ભારે વરસાદને પગલે સોમવારે વાસણા બેરેજના સાત દરવાજા ત્રણ ફૂટ સુધી ખોલી વીસ હજાર કયૂસેક પાણી છોડવાની મ્યુનિસિપલ તંત્રને ફરજ પડી હતી. આ વર્ષે ૧૦ જુલાઈથી અમદાવાદમાં વરસાદના ધમાકેદાર રાઉન્ડની શરુઆત થવા પામી હતી. ૧૬ ઓગસ્ટ સુધીમાં મોસમનો સરેરાશ વરસાદ ત્રીસ ઈંચથી પણ વધુ થવા પામ્યો છે. શહેરમાં પ્રતિ વર્ષ સરેરાશ ત્રીસ ઈંચ વરસાદ થવાની સંભાવના વ્યકત કરવામાં આવતી હોય છે.

ગુજરાતમાં હાલમાં ૯૦ ટકાથી વધુ ભરાયેલા ૭૮ ડેમ હાઈ એલર્ટ પર છે, જ્યારે ૯૦ ટકા સુધી ભરાયેલા ૧૬ ડેમ એલર્ટ પર છે. એ ઉપરાંત જે ડેમમાં ૮૦ ટકા જેટલું પાણી ભરાયું છે એવા ૧૭ ડેમને વોર્નિંગ પર રાખવામાં આવ્યાં છે. રાજયના ૨૦૬ ડેમમાં હાલમા પાણીની સારા પ્રમાણમાં આવક થઈ છે. ગુજરાતમાં નર્મદા સહિતના ડેમમાં હાલમાં ૭૬.૬૯ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. બીજી બાજુ ઉત્તર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદને કારણે ધરોઈ ડેમ ૮૦.૪૨ % ટકા ભરાયો છે. ડેમમાં પાણીની ૧,૩૮,૬૧૦ ક્યુસેક આવક અને જાવક - ૧૨૦૦ ક્યુસેક છે. હાલમાં સાબરમતી નદીમાં પાણી છોડવામાં આવ્યું હોવાથી એલર્ટ જાહેર કરાયું છે.

હાલ સરદાર સરોવર ડેમના તમામ ૨૩ દરવાજા ૩.૨૫ મીટર સુધી ખોલીને ૫,૨૮,૪૬૪ ક્યુસેક પાણી નદીમાં છોડાઈ રહ્યું છે. બીજી તરફ રિવરબેડ પાવરહાઉસમાં ૬ ટર્બાઈનથી વીજળી ઉત્પન્ન કરીને ૪૪,૦૦૦ ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. આ રીતે નર્મદા નદીમાં કુલ (દરવાજા પાવરહાઉસ) ૫,૭૨,૦૦૦ ક્યુસેક પાણીની જાવક છે. નદીમાંથી વધારે માત્રામાં પાણી છોડવામાં આવતા નીચાણવાળા વિસ્તારોને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે.

### બનાસકાંઠા જિલ્લામાં મેઘતાંડવના કારણે અનેક ગામડાઓ જળમગ્ન, અનેક હાઈવે વાહન વ્યવહાર માટે બંધ કરાયા



બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે અનેક નીચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાયા છે તો જિલ્લાના અનેક ગામોના ઘરોમાં પાણી ઘૂસ્યા છે તેમજ ગામો અને ખેતરો પણ બેટમાં ફેરવાયા છે આ ભારે વરસાદને લઈ ગ્રામીણ વિસ્તારમાં મોટા પ્રમાણમાં નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગની આગાહીના પગલે બનાસકાંઠા જિલ્લામાં બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે શહેરોમાં નીચાણ વાળા વિસ્તારોમાં અનેક જગ્યાએ પાણી ભરાયા છે. તેમજ ઘરોમાં પણ પાણી ઘૂસ્યા છે અને લોકોના ઘર વખરીને નુકસાન થવા પામ્યું? છે. તેમજ જિલ્લાના અનેક ગામડાઓમાં પાણી ભરાયા છે ઘરોમાં પણ ચાર ચાર ફૂટ વરસાદી પાણી ઘૂસી ગયું છે તેમજ ખેતરો પણ બેટમાં ફેરવાયા છે. જિલ્લાના અનેક માર્ગો માં પાણી ભરાતા માર્ગો પણ બંધ થવા પામ્યા છે થરાદ ડીસા હાઈવે પર આવેલ રામપુરાથી દામાં નજીક ભારે વરસાદના કારણે રસ્તો બંધ કરાયો છે તેમજ અતિભારે વરસાદને પગલે ડીસા તાલુકાના નીચે મુજબના રસ્તાઓ ઓવેરટોપિંગના લીધે હંગામી ધોરણે વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. ભીલડી – બલોધર રોડ, ભીલડી – નેસડા – પેપળુ રોડ, નેશનલ હાઈવે થી ઘટનાળ રોડ, સ્ટેટ હાઈવે થી ઘટનાળ રોડ, નવી ભીલડી થી જુના નેસડાથી ઘટનાળ મોટી રોડ, પાલડી - વડલાપુર રોડ, કંસારી – શેસુરા રોડ, ગુગળ એપ્રોચ રોડ, પેપરાળ - ગણતા રોડ, લાખણી, ગોઢ થી છત્રાલા રોડ. ભારે વરસાદના લીધે બંધ કરાયા છે.

## ૨૦૦૬ પહેલા નિમણૂંક પામેલા કર્મચારીને ફિક્સ પગારના લાભ મળશે

ગાંધીનગર,

ગુજરાત સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં વધારા બાદ વધુ એક મોટો લાભ મળ્યો છે. રાજ્ય સરકારના પ્રવક્તા જીતુ વાઘાણીએ મોટી જાહેરાત કરતાં કહ્યું કે ૨૦૦૬ પહેલા નિમણૂંક પામેલા કર્મચારીને ફિકસ પગારના લાભ મળશે. આ લાભ ૧૮.૧.૨૦૧૭ના ઠરાવ પ્રમાણે આપવામાં આવશે. આ નિર્ણયથી ૪૦ હજારથી વધારે કર્મચારીને ફાયદો થશે.

ઉલ્લેખનીય છે કે, એક દિવસ અગાઉ અરવલ્લીના મોડાસામાં ૭૬મા સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમ્યાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને લઈને મહત્વની જાહેરાત કરાઈ હતી. જેમાં ગુજરાત સરકાર દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સને મળતા મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરાયો હતો. જેના લીધે ૭માં પગાર પંચનો લાભ લેતા કર્મીઓ અને પેન્શનરો મળી કુલ ૯.૩૮ લાખ લોકોને આનો લાભ મળશે. તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૨થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થું ત્રણ હપ્તામાં ચૂકવાશે. સાત મહિનાના તફાવતની રકમ ત્રણ હપ્તામાં ચૂકવાશે.

આ ત્રણ હપ્તામાં પ્રથમ હપ્તો ઑગસ્ટ ૨૦૨૨માં, બીજો હપ્તો સપ્ટેમ્બર ૨૦૨૨ના પગાર સાથે અને ત્રીજો હપ્તો ઓક્ટોબર માસના પગાર સાથે અપાશે. આ વધારાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે તેમને જ મળવાપાત્ર થશે તેમ રાજ્ય સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે. મોંઘવારી ભથ્થાના આ વધારાના લીધે રાજ્ય સરકારને અંદાજે વાર્ષિક રૂપિયા ૧૪૦૦ કરોડનું નાણાકીય ભારણ વધશે.-

## બિલ્કિસ બાનો કેસ મામલે રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર પ્રહારો કર્યા

નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે બિલકિસ બાનો કેસમાં દોષિતોની મુક્તિને લઈને વડાપ્રધાન મોદી પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આખો દેશ વડાપ્રધાનની વાત અને કામમાં ફર્ક જોઈ રહ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આવા નિર્ણયોથી દેશની



મહિલાઓને શું મેસેજ જશે? રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું હતું કે, ૫ મહિનાની ગર્ભવતી મહિલા પર બળાત્કાર કરનાર અને તેની ૩ વર્ષની બાળકીની હત્યા કરનારાઓને 'આઝાદી કે અમૃત મહોત્સવ' દરમિયાન મુક્ત કરવામાં આવ્યા હતા. નારી શક્તિની વાત કરનાર દેશની મહિલાઓને શું મેસેજ આપી રહ્યા છે? તેમણે લખ્યું હતું કે, પ્રધાનમંત્રીજી આખો દેશ તમારી વાતો અને કામ વચ્ચેનો તફાવત જોઈ રહ્યો છે. હકીકતમાં ૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન ગર્ભવતી મહિલા બિલકિસ બાનો પર બળાત્કાર થયો હતો. ત્યાર બાદ પરિવારના ૭ સભ્યોની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં કોર્ટે ૧૧ લોકોને સજા ફટકારી હતી. જો કે, તમામ દોષિતોને મુક્તિ નીતિ હેઠળ મુક્ત કરવામાં આવ્યા હતા.

### શહેરા નગર પાલિકા, જિ.પંચમહાલ
### જાહેર નિવિદા, ટેન્ડર નોટીસ નં.-૦૬ વર્ષ ૨૦૨૨-૨૩

મુખ્ય અધિકારી, શહેરા નગરપાલિકા, જિ.પંચમહાલ તરફથી વર્ષ ૨૦૨૨–૨૩ માટે નીચેના અ.નં. ૧ થી ૧૩ ના કામોએ સંલગ્ન વેપારી/રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર શહેરા નગરપાલિકા કચેરી ખાતેથી તા.૨૬/૦૮/૨૦૨૨ સુધી લેટરપેડ પર અરજી તથા રૂા.૯૦૦/– ટેન્ડર ફી ભર્યેથી કચેરીના કામકાજના દિવસો દરમ્યાન મેળવવાના રહેશે. અને ભરેલ ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ ૩૦/૦૮/૨૦૨૨ રહેશે. આવેલ ટેન્ડરો મંજુર કરવાની આખરી સત્તા કારોબારી સમિતિની રહેશે.

| અ.નં. | કામનું નામ | અ.નં. | કામનું નામ |
|---|---|---|---|
| ૧ | બાંધકામના કામે માલ–સામાન ખરીદીના વાર્ષિક ભાવો. ભાગ–૧. | ૮ | કોમ્પ્યુટર મેન્ટેનન્સ વાર્ષિક ઈજારો |
| ૨ | બાંધકામના કામે માલ–સામાન ખરીદીના વાર્ષિક ભાવો ભાગ–૨. | ૯ | ફલેક્સ બેનર/બોર્ડના કામોના વાર્ષિક ભાવ |
| ૩ | પાણી પુરવઠાના કામે માલ–સામાન ખરીદીના વાર્ષિક ભાવો. | ૧૦ | ફેબ્રીકેશન વર્કના વાર્ષિક ભાવ |
| ૪ | પાણી પુરવઠાના કામે લેબર વર્ક માટેના વાર્ષિક ભાવો. | ૧૧ | મંડપ ડેકોરેશનના વાર્ષિક ભાવ |
| ૫ | સ્ટ્રીટ લાઈટના કામે માલ–સામાન ખરીદીના વાર્ષિક ભાવો. | ૧૨ | ફોટોગ્રાફી/વીડીયો શુટીંગના વાર્ષિક ભાવ |
| ૬ | સ્ટેશનરીના કામે માલ–સામાન ખરીદીના વાર્ષિક ભાવ. | ૧૩ | ઝેરોક્ષ કાઢવા માટેના વાર્ષિક ભાવો |
| ૭ | પાણી પુરવઠાના કામે મોટર રીવાઈન્ડીંગના વાર્ષિક ભાવ. | | |

તથા (૧) ભુગર્ભ ગટરના વાર્ષિક નિભાવણીનુ કામ. તથા (૨) હેન્ડપંપ રીપેરીંગ કરવાના કામે માલ–સામાન સહિત વાર્ષિક નિભાવણીનું કામ, તથા (૩) આરોગ્ય વિભાગના કામે જરૂરી માલ–સામાન ખરીદીના વાર્ષિક ભાવો માટે રસ ધરાવતા સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટરો પાસે થી ઓનલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર તા.૨૬/૦૮/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૩૦/૦૮/૨૦૨૨ ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.

માહિતી/ગોધરા/૪૧૭/૨૦૨૨

શહેરા નગરપાલિકા

## મફત યોજનાઓ શું છે પહેલાં નક્કી કરો : રેવડી કલ્ચર મુદ્દે સુપ્રીમ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ એ બુધવારે મફતની જાહેરાત અંગે સુનાવણી કરતા તમામ પક્ષકારો અને સરકારને કહ્યું કે, સૌથી પહેલાં નક્કી કરો કે આ ફ્રીબીઝ શું છે તેની વ્યાખ્યા નક્કી કરવી જોઈએ આ સાથે જ કોર્ટે એમ પણ કહ્યું કે, કેન્દ્ર પાસે હાલ મનરેગા જેવી યોજનાઓ છે, જે જીવનને ગૌરવ અપાવે છે.



સીજેઆઇ એનવી રમનાની અધ્યક્ષતાવાળી બેંચે આ મામલે સુનાવણી કરતા કહ્યું, કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ જેવી યોજનાઓ છે જે જીવન જીવવાનું ગૌરવ પ્રદાન કરે છે. મને નથી લાગતું કે, પક્ષો માત્ર વચનો પર ચૂંટાય છે. કેટલાક વચનો આપે છે અને હજુ પણ ચૂંટાતા નથી.

સુપ્રીમ કોર્ટ એડવોકેટ અશ્વિની ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં તેમણે ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો દ્વારા મફત વસ્તુઓના વચનનો વિરોધ કર્યો છે. અરજીમાં ચૂંટણી પંચને તેમના ચૂંટણી પ્રતીકો જપ્ત કરવા અને પક્ષોની નોંધણી રદ કરવા માટે તેની સત્તાનો ઉપયોગ કરવાની માંગ કરવામાં આવી છે. બુધવારે સુનાવણી કરતા રમણાએ કહ્યું કે, રાજ્યમાં રાજકીય પક્ષોને મતદારોને વચનો આપતા રોકી શકાય નહીં. તેમણે એમ પણ કહ્યું કે, હવે ફ્રીબીઝ શું છે તેની વ્યાખ્યા કરવી પડશે.

જોકે રમણાએ પૂછ્યું, "શું દેશમાં કે રાજ્યમાં હેલ્થકેર, પીવાના પાણીની સુવિધા, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સની એક્સેસને મફત ગણી શકાય?" આ સિવાય સુપ્રીમ કોર્ટે આ મામલે ચર્ચા કરવા અને સૂચન કરવા માટે પેનલની રચના કરવાના મુદ્દે તમામ હિતધારકો પાસેથી મંતવ્યો માંગ્યા હતા.

ભાજપના ભૂતપૂર્વ પ્રવક્તા અશ્વિની ઉપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી અરજીનો વિરોધ કરીને દ્રવિડ મુનેત્ર કઝગમએ મફત જાહેરાતના સમર્થનમાં સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. આ મુદ્દામાં હસ્તક્ષેપની માંગ કરતા, ડીએમકેએ તેની અરજીમાં દલીલ કરી હતી કે મફતનો અવકાશ "વિશાળ" છે.

## ખેડૂતો માટે મોદી કેબિનેટનો નિર્ણય : ખેડૂતો સસ્તા દરે લઈ શકશે ૩ લાખ સુધીની કૃષિ લોન

નવીદિલ્હી,

મોદી સરકારે ખેડૂતોને એક મોટી રાહત આપી છે. બુધવારે પીએમ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ખેડૂતો માટે એક મોટો નિર્ણય લેવાયો છે.

બેઠક બાદ પત્રકારોને માહિતી આપતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે એવું જણાવ્યું કે સરકાર ખેડૂતોને સશક્ત બનાવવા માટે સતત કામ કરી રહી છે. આ બેઠકમાં ૩ લાખ રૂપિયા સુધીની ટૂંકા ગાળાની કૃષિ લોન પર ૧.૫ ટકા છૂટને મંજૂરી આપવામાં છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ યોજના હેઠળ, ૨૦૨૨-૨૩ થી ૨૦૨૪-૨૫ ની વચ્ચે ૩૪,૮૫૬ કરોડ રૂપિયાની વધારાની બજેટ જોગવાઈ કરવામાં આવી છે.

સરકારના આ નિર્ણયથી ખેડૂતોને કૃષિ ક્ષેત્રે પુરતી લોન મળી રહેશે. સરકારે ખેડૂતોને લોન માફી આપવાની સાથે ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ ફંડમાં વધારાને પણ મંજૂરી આપી દીધી છે. સરકારનું આ પગલું કૃષિ ક્ષેત્રને વેગ આપશે.

મોદી સરકારે ખેડૂતોને સસ્તા દરની કૃષિ લોન આપવા માટે ઈમરજન્સી ક્રેડિટ ગેરન્ટી સ્કીમના બજેટમાં વધારાની પણ જાહેરાત કરી છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે કેન્દ્રીય કેબિનેટે ઈમરજન્સી ક્રેડિટ ગેરન્ટી સ્કીમનું બજેટ ૫૦,૦૦૦ કરોડથી વધારીને ૫ લાખ કરોડ કર્યું છે.

### રાહુલ ગાંધીએ કોંગ્રેસને મૂંઝવી

## રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીમાં વિલંબ થઈ શકે, વર્કિંગ કમિટીની બેઠક બોલાવવામાં આવી નથી

### પાર્ટીએ જાહેરાત કરી હતી કે સંગઠનની ચૂંટણી ૨૧ ઓગસ્ટથી ૨૦ સપ્ટેમ્બર સુધી યોજાશે

કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પદની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. આમ છતાં રાહુલ ગાંધી ચૂંટણી લડશે તે અંગે મૂંઝવણ છે. પાર્ટીએ જાહેરાત કરી હતી કે સંગઠનની ચૂંટણી ૨૧ ઓગસ્ટથી ૨૦ સપ્ટેમ્બર સુધી યોજાશે, પરંતુ અનેક પ્રયાસો છતાં રાહુલ ગાંધીએ હજુ સુધી પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કર્યું નથી. કોંગ્રેસના વ્યૂહરચનાકારો અત્યાર સુધી તેમને પ્રમુખ પદ માટે લડવા માટે મનાવવામાં નિષ્ફળ રહ્યા છે, જેના કારણે ચૂંટણીમાં વિલંબ થઈ શકે છે.

ખુદ રાહુલ ગાંધીએ હજુ ચૂંટણી લડવા અંગે કોઈ સ્પષ્ટ સંકેત આપ્યા નથી. સ્પષ્ટ જવાબ ન મળવાને કારણે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક બોલાવવામાં આવી નથી, જેમાં ચૂંટણીની તારીખ નક્કી કરવામાં આવનાર છે. કોંગ્રેસની સેન્ટ્રલ ઈલેક્શન ઓથોરિટીના જણાવ્યા અનુસાર પાર્ટીએ ચૂંટણીની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. મધુસૂદન મિસ્ત્રીના નેતૃત્વ હેઠળની ઓથોરિટીએ કહ્યું છે કે તેઓ સમયસર ચૂંટણી માટે તૈયાર છે. હવે ચૂંટણીની તારીખો જાહેર કરવાનો બોલ કોંગ્રેસ વર્કિંગ કમિટીના કોર્ટમાં છે. જોકે, રાજ્યોમાં ચૂંટણી પ્રક્રિયા હજુ પૂર્ણ થવાની બાકી છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ પ્રમુખની ચૂંટણીની પ્રક્રિયા ૨૧ ઓગસ્ટથી શરૂ થવાની હતી અને ૨૦ સપ્ટેમ્બર પહેલા નવા પ્રમુખની પસંદગી કરવાની હતી. પ્રદેશ પ્રમુખોની ચૂંટણી પણ ૨૦ ઓગસ્ટ સુધીમાં થવાની હતી, પરંતુ હજુ સુધી કોઈ રાજ્યમાં આ પ્રક્રિયા પૂર્ણ થઈ નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધીના સ્ટેન્ડ અંગે સ્પષ્ટતાના અભાવે નેતૃત્વ મૂંઝવણમાં છે અને સંગઠનને શંકા છે કે તે ચૂંટણી સમય સુધીમાં પૂર્ણ થઈ જશે. રાહુલ ગાંધી ૭ સપ્ટેમ્બરે કન્યાકુમારીથી તેમની ભારત જોડી યાત્રા શરૂ કરવા જઈ રહ્યા છે. આ સફર લાંબી થવાની છે. તેથી જો ત્યાં સુધીમાં ચૂંટણી નહીં યોજાય તો તેમાં વધુ વિલંબ થવાની શક્યતા છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસની આંતરિક ચૂંટણી પહેલા જ સ્થગિત કરવામાં આવી છે.

અશોક ગેહલોત, મલ્લિકાર્જુન ખડગે, મુકુલ વાસનિક, કુમારી સેલજા અને કેસી વેણુગોપાલ જેવા નામો પર વિચારણા કરી શકાય છે જો રાહુલ ગાંધી નેતૃત્વ સંભાળવાની અનિચ્છા દર્શાવે છે. જો કે, આની સંભાવના ઘણી ઓછી છે. જો રાહુલ ગાંધી અધ્યક્ષ બનવા માટે તૈયાર ન થાય, તો ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ માટે પાર્ટી સાથે જોડાણ કરવા અને NDAનો સામનો કરવા માટે સોનિયા ગાંધી સ્વાભાવિક પસંદગી બની શકે છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

એ. આર. ડામોર

તરફથી અભીનંદન....

મુ. મોરા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

પ્રણામી મિશન મંગલમ

ગ્રા.સહ. ભંડાર

તરફથી અભીનંદન....

મુ. સાલીયા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

એસ. આર. બારીઆ

તરફથી અભીનંદન....

મુ. વાડોદર,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

# કડાણા ડેમમાંથી ૫૩૦૦ ક્યુસેક પાણી મહી નદીમાં છોડવામાં આવ્યું



લુણાવાડા, કડાણા જળાશયમાં ઉપરવાસના સ્ત્રાવ વિસ્તારમાં ભારે વરસાદ થવાથી પાણીની આવક થઇ રહી છે. ઉપરવાસના મહીબજાજ સાગર બંધમાંથી પાણી છોડવામાં આવી રહ્યુ છે તથા અનાસ નદીમાં પાણીની આવકમાં વધારો થઇ રહ્યો છે.

ઉપરવાસમાં મહીબજાજ ડેમ માંથી હાલમાં ૩૪૧૫ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. કડાણા બંધની સુરક્ષા તથા ઉપરવાસમાંથી આવતા પાણીના પ્રવાહને ધ્યાનમાં લેતા હાલમાં કડાણા ડેમમાંથી બપોરે ૧૨:૦૦ કલાકે ૫૩૦૦ ક્યુસેક પાણી મહી નદીમાં છોડવા આવ્યું છે.

કાર્યપાલક ઈજનેર કડાણા જળાશયના જણાવ્યા અનુસાર ડેમમાં પાણીની આવકને જોતા વધુ ૧,૦૦,૦૦૦ (એક લાખ) ક્યુસેક કે તેથી વધુ પાણી મહી નદીમાં છોડાવાની સંભાવના છે.

જિલ્લા કલેકટર ડો.મનીષ કુમાર બંસલના જણાવ્યું કે કડાણા ડેમમાં મહીસાગર નદીમાં પાણી છોડવામાં આવતા નદી કાંઠાના ખાનપુર, કડાણા અને લુણાવાડા તાલુકાના ગામડાઓને સાવચેત અને સતર્ક કરવામાં આવ્યા છે.

કડાણા બંધમાંથી પાણીની આવકના પગલે જળ સ્તર વધ્યું છે. તેને અનુલક્ષીને અને તકેદારીના ભાગ રૂપે મહી નદી કાંઠાના સંબંધિત તાલુકાઓના મામલતદારો અને તાલુકા વિકાસ અધિકારીઓ કાંઠાના ગામોની નિરીક્ષણ મુલાકાત લઈને પરિસ્થિતિની સમીક્ષા કરીને તકેદારીના યોગ્ય ઉપાયોની સૂચનાઓ આપી રહ્યા છે તેમ જિલ્લા કલેકટર દ્વારા જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત જિલ્લા પોલીસ અધિક્ષકના દિશા નિર્દેશો અનુસાર નાયબ પોલીસ અધિક્ષક અને પોલીસ અમલદારો પણ કાંઠાની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યાં છે.નદી કાંઠાના ગામોમાં કોઈ અઘટિત બનાવો ટાળવા પોલીસ બંદોબસ્ત ગોઠવીને લોકોને સાવધાન કરવામાં આવી રહ્યાં છે.

કાંઠાના ગામોના લોકોને બે કાંઠે વહેતી મહી નદીના પટમાં જવા, રોકાવા, પશુઓ ચારવા કે સ્નાન કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે.

વધુમાં મહિ નદી પર આવેલ હાડોડ બ્રિજ (જુનો પુલ) બંધ કરવામાં આવનાર હોઈ પુલના બન્ને છેડે વાહન ચાલકો કે જનતા અવર જવર ના કરે તે માટે પોલીસ બદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જયારે વાહનચાલકો અને નાગરીકોને આ બ્રિજ પરથી પસાર ન થવા પણ અપિલ કરવામાં આવી છે.

## સંતરામપુરના રજાનગર વિસ્તારમાં વરસાદના કારણે મકાનની દિવાલ પડી : ઘરના સભ્યોનો બચાવ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુરના રજા નગર વિસ્તારમાં રહેતા રમેશભાઈ પ્રકાશભાઈ રાવલ પોતાના પરિવાર સાથે મકાનની અંદર રાત્રિના સમયે સુઈ રહેલા હતા. અચાનક વરસાદના કારણે મકાનની દિવાલ તૂટી પડી હતી, પરંતુ ઘરની અંદર આશરે આઠ જેટલા સભ્યોનો બચાવ થયેલો હતો કોઈપણ પ્રકારની જાનહાની કે અન્ય નાની મોટી ઈજાઓ પણ થયેલ નથી. બચાવ થયેલો હતો. દિવાલ પડવાની ઘટના બનતા જ આજુબાજુના રહીશો દોડી આવેલા હતા અને ઘરના સભ્યોને હૈ બહાર કાઢી લેવાયા હતા. વરસાદના કારણે જૂના મકાનની દિવાલ તૂટી પડી હતી.

## મહીસાગર જીલ્લાની તથા તાલુકાની તમામ કોર્ટોમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરાયું

લુણાવાડા, ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાઓનાં માર્ગદર્શન હેઠળ તથા જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ મહીસાગર દ્વારા જીલ્લાની તથા તાલુકાની તમામ કોર્ટોમાં નેશનલ લોક અદાલતનું તા.૧૩.૦૮.૨૦૨૨ નારોજ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં નેશનલ લોક અદાલતમાં ૩૧૨ કેસોનો સમાધાન દ્વારા સુખદ નિકાલ કરવામાં આવ્યો તથા તે જ દિવસે યોજાયેલ સ્પેશ્યલ સિટિંગમાં કૂલ ૧૫૪૨ કેસોનો નિકાલ કરવામાં આવેલ હતા. નેશનલ લોક અદાલત ૧૩.૦૮.૨૦૨૨ અન્વયે પ્રી લીટીગેશનના કેસો જીલ્લાની વિવિધ બેંકો દ્વારા મુકવામાં આવેલ જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બેંક ઓફ બરોડા, બેક ઓફ ઈન્ડીયા, યુનીયન બેક ઓફ ઈન્ડીયા, બરોડા ગુજરાત ગ્રામીણ બેંક, એમ. જી. વી. સી. એલનાં કેસો મુકવામાં આવેલ જે કેસોમાં ફૂલ ૯૩૮ કેસોનો નિકાલ થયેલ જેમાં ફૂલ રૂપિયા ૧,૪૦,૪૨,૪૬૫/–નાં કેસોમાં સમાધાન કરવામાં આવેલ હતું. તેમ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહિસાગર–લુણાવાડા ની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ARTO લુણાવાડા ખાતે ટુ વ્હિલર વાહનોની નવી સીરીઝ જીજે-૩૫- એમ શરૂ કરવામાં આવી

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં નવા રજીસ્ટર થતા ટુ વ્હિલર (મોટર સાઈકલ) વાહનોમાં નવિન સીરીઝ જીજે ૩૫–એમ ફાળવવામાં આવેલ છે અને તેની હરાજી શરૂ કરવામાં આવનાર છે. તો ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમના નવા વાહનો ટુ વ્હિલર માટે પસંદગીનો નંબર લેવા માગતા હોય તો ઓનલાઇન પ્રક્રિયા અરજદારે પોતે જ વેબસાઇટ https://vahan.parivahan.gov.in/fancy પર કરવાની થાય છે. જે અંગે તારીખ ૨૨/૦૮/૨૦૨૨ થી ૨૪/૦૮/૨૦૨૨ દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે તેમજ તારીખ ૨૫/૦૮/૨૦૨૨ થી ૨૬/૦૮/૨૦૨૨ દરમ્યાન ઓનલાઇન હરાજી રહેશે અને વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઇન સી.એન.એ.ફોર્મ ભરવાનું રહેશે. સી.એન.એ.ફોર્મ ઓનલાઇન ભરેલુ હશે તો વાહનની વેચાણ તારીખથી ૬૦ દિવસની અંદર અરજદાર હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી લુણાવાડા–મહિસાગરની એક અખબારીયાદીમાં જણાવાયું છે.

## કોંગ્રેસના 'નરેશ' હવે ભાજપના થયા

# કોંગ્રેસના બે દિગ્ગજો ભાજપમાં જોડાયા, સી.આર. પાટીલે કેસરીયો ખેસ પહેરાવ્યો





ગાંધીનગર, ગુજરાત વિધાનસભા ચૂંટણીને હવે ગણતરીના મહિનાઓ બાકી છે, ત્યારે ભાજપ અને કોંગ્રેસ સાથે આપે પણ તૈયારી શરૂ કરી છે. એક તરફ વડાપ્રધાન મોદી અને અમિત શાહ જેવા ભાજપના દિગ્ગજ નેતાઓના ગુજરાત પ્રવાસ પણ વધી ગયા છે. કોંગ્રેસમાં ચૂંટણી પહેલા સૌથી મોટો ભૂકંપ આવ્યો છે.કોંગ્રેસના સૌથી જૂના નેતા અને પૂર્વ ગૃહમંત્રી નરેશ રાવલ તથા પૂર્વ સાંસદ રાજુ પરમાર ભાજપમાં જોડાઈ ગયાં છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે બંને દિગ્ગજોને કેસરીયો ખેસ પહેરાવ્યો હતો.

કોંગ્રેસ છોડવા પાછળના ઘણા બધા કારણો છે. જેની હમણાં ચર્ચા કરવા માંગતો નથી પરંતુ આગળ સમય આવ્યે એની પણ ચર્ચા કરીશું. હાલ પૂરતું તો કોંગ્રેસને અલવિદા કહીને ભાજપમાં જોડાયો છું. જેમાં હું અને મારા સાથી રાજુભાઈ પરમાર તથા બીજા પૂર્વ ધારાસભ્યો અને મંત્રીઓ રહેલાં છે તેમની સાથે મોટી સંખ્યામાં અન્ય નેતાઓ પણ ભાજપમાં જોડાયા છે . અમને ભાજપનું નેતૃત્વ જે પણ કોઈ કામગીરી સોંપશે તે કામગીરી કરીશું.કોંગ્રેસ છોડવાનો વિચાર ઘણા સમયથી મારા મનમાં ચાલતો હતો. પક્ષની કામગીરી નબળી પડતી જતી હતી. પક્ષ અને સંગઠનમાં સુધારો વધારો કરવા માટે નેતૃત્વ દ્વારા કોઈ પ્રયત્ન કરવામાં આવતો નહોતો. એટલે મનમાં એવું થયું કે આટલા વર્ષો સુધી કોંગ્રેસ સાથે આપણી લેણદેણ હતી પણ હવે નથી રહી એટલે થયું કે હવે અહીંથી નિકળી જઈએ અને ભાજપના નેતૃત્વ સાથે કામ કરવાનો નિર્ણય કર્યો.

અત્યારસુધી ગુજરાતમાં ૨૦૧૨થી અત્યારસુધીમાં ૬૦ જેટલા મોટા કોંગ્રેસના નેતાઓ ભાજપમાં જોડાયા છે.રાજ્યસભાની ૨૦૧૯માં આવેલી ચૂંટણીમાં પહેલા મંગળ ગાવીત, અક્ષય પટેલ, જે.વી.કાકડિયા, પ્રદ્યુમ્નસિંહ જાડેજા, સોમા પટેલ, પ્રવીણ મારું, જિતુ ચૌધરી અને પછી બ્રિજેશ મેરજાએ કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય માંથી રાજીનામું આપ્યું, જેમાં પ્રવીણ મારુ, મંગળ ગાવીત અને સોમા પટેલ કોઈ પક્ષમાં જોડાયા નહીં. જ્યારે બ્રિજેશ મેરજા, જિતુ ચૌધરીને ભૂપેન્દ્ર પટેલ સરકારમાં મંત્રીમડળમાં નવું સ્થાન મળ્યું. જ્યારે અક્ષય પટેલ, જે.વી.કાકડિયા, પ્રદ્યુમ્નસિંહ જાડેજા ભાજપમાં જોડાઈને ફરીવાર પેટાચૂંટણીમાં ધારાસભ્ય બન્યા. લુણાવાડાના પૂર્વ ધારાસભ્ય હીરા પટેલ પણ ભાજપમાં ભરતી અભિયાનમાં જોડાયા. કોંગ્રેસના પ્રખર કોંગ્રેસી સાગર રાયકા દિલ્હી ભાજપમાં જોડાયા. એ ઉપરાંત જયરાજસિંહ પરમાર, કોંગ્રેસના પૂર્વ કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલે પણ કેસરિયો કરી લીધો છે.

## ગોધરા સાંદિપની અંગ્રેજી માધ્યમ શાળામાં જન્માષ્ટમી ઉત્સવ ઉજવાયો



ગોધરા, ગોધરાના બામરોલી રોડ ખાતે આવેલ સાંદિપની ઈંગ્લીશ મીડીયમ શાળામાં જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી કરવમાં આવી હતી. આ ઉત્સવમાં શાળાના બાળકોએ રાધા કૃષ્ણ બની શાળાને ગોકુળ બનાવ્યું હતું. સાથે સાથે મટકી ફોડ તેમજ રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ડાયરેક્ટર મૌલિક શાહ, ગોપીબેન શાહ તેમજ શાળાના આચાર્ય વિપુલભાઈ શાહ ખાસ હાજર રહી કાર્યક્રમ નિહાળ્યો હતો. સાથે સાથે શાળાના અન્ય શિક્ષકોએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે છોકરાઓ સાથે ગરબે ઘૂમી નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી ના જય ઘોષ સાથે વાતવરણને નંદમય બનાવી દીધું હતું.

## મહારાષ્ટ્ર : ગોંદિયામાં પેસેન્જર ટ્રેનની માલગાડી સાથે ટક્કર, ૧૩ લોકોની હાલત ગંભીર

મુંબઈ, મહારાષ્ટ્રના ગોંદિયામાં આજે એક ભયાનક ટ્રેન અકસ્માત થયો છે. અહીં ગોંદિયા નજીક ભગત કી કોઠી ટ્રેન એક માલગાડી સાથે અથડાઈ હતી, જે બાદ ટ્રેનની એક બોગી પાટા પરથી ઉતરી ગઈ હતી. આ અકસ્માતમાં ૫૦ લોકો ઘાયલ થયા છે. જેમાંથી ૧૩ લોકો ગંભીર રીતે ઘાયલ હોવાનું કહેવાય છે.

આ ટ્રેન રાયપુરથી નાગપુર તરફ આવી રહી હતી. ત્યારે ગોંદિયા શહેર નજીક ભગત કી કોઠી ટ્રેન માલગાડી સાથે અથડાઈ હતી. જેમાં ટ્રેનનો જીૃ3 કોચ પાટા પરથી ઉતરી ગયો હતો. જેમાં ૧૩ લોકો ગંભીર રીતે ઘાયલ હોવાનું કહેવાય છે. આ અકસ્માત મોડી રાત્રે ૨.30 વાગ્યાની આસપાસ થયો હતો. ગુડ્સ ટ્રેન અને પેસેન્જર ટ્રેન ભગત કી કોઠી વચ્ચે સિગ્નલ ન મળવાને કારણે આ અકસ્માત થયો હતો. રાહતની વાત એ છે કે આમાં એકપણ મુસાફરનું મોત થયું નથી. અકસ્માતનો ભોગ બનેલી ટ્રેન છત્તીસગઢના બિલાસપુરથી રાજસ્થાનના જોધપુર જઈ રહી હતી. ઘાયલ મુસાફરોને ગોંદિયા જિલ્લાની સરકારી અને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. આ ઘટના મધ્યરાત્રિ દરમિયાન બની હતી.

# ગેરકાયદેસર રોહિંગ્યાઓને ફ્લેટ આપવાની વાત ખોટી : કેન્દ્રીય ગૃહમંત્રાલય

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મીડિયા અહેવાલો બાદ સ્પષ્ટતા કરી છે કે તેણે રોહિંગ્યા મુસ્લિમોને ઈઉજી ફ્લેટમાં વસાવવાનો કોઈ આદેશ આપ્યો નથી. ગૃહ મંત્રાલયે કહ્યું, "ગૃહ મંત્રાલયે રોહિંગ્યા મુસ્લિમોને ઈડબ્લ્યુએસ ફ્લેટમાં વસાવવા માટે કોઈ આદેશ આપ્યો નથી. દિલ્હી સરકારે રોહિંગ્યા મુસ્લિમોને નવી જગ્યાએ શિફ્ટ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. રોહિંગ્યા મુસ્લિમોના પ્રત્યાર્પણને લઈને ગૃહ મંત્રાલયે સંબંધિત દેશોનો સંપર્ક કરી લીધો છે.

અમિત શાહના મંત્રાલયે સ્પષ્ટતા કરી કે ગેરકાયદેસર ઘૂસણખોરોને કાં તો અટકાયત કેન્દ્રોમાં રાખવામાં આવે છે અથવા તેમના દેશમાં મોકલવામાં આવે છે. એ પણ કહ્યું કે દિલ્હી સરકારે હજુ સુધી આ સ્થળને ડિટેન્શન સેન્ટર તરીકે જાહેર કર્યું નથી, પરંતુ તેમને તાત્કાલિક આવું કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે આ બધું કેન્દ્રીય હરદીપ સિંહ પુરીના એક ટ્વિટથી શરૂ થયું હતું. આ પછી વીએચપીએ પણ એક નિવેદન બહાર પાડ્યું છે. લોકોએ અલગ રીતે વિરોધ કર્યો.

રોહિંગ્યા ગેરકાયદેસર વિદેશીઓ અંગે મીડિયાના અમુક વિભાગોમાં સમાચારોના સંદર્ભમાં, તે સ્પષ્ટ કરવામાં આવે છે કે ગૃહ મંત્રાલયે નવી દિલ્હીના બક્કરવાલા ખાતે રોહિંગ્યા ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને ઈડબ્લ્યુએસ ફ્લેટ આપવા માટે કોઈ નિર્દેશ આપ્યા નથી.

દિલ્હી સરકારે રોહિંગ્યાઓને નવા સ્થળે શિફ્ટ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. એમએચએએ જીએનસીટીડીને સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે કે રોહિંગ્યા ગેરકાયદેસર વિદેશીઓ હાલના સ્થાને ચાલુ રહેશે કારણ કે એમએચએએ એમઈએ દ્વારા સંબંધિત દેશ સાથે તેમના દેશનિકાલનો મામલો પહેલેથી જ ઉઠાવ્યો છે. ગેરકાયદેસર વિદેશીઓને કાયદા મુજબ તેમના દેશનિકાલ સુધી ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવે છે. દિલ્હી સરકારે હાલના સ્થાનને ડિટેન્શન સેન્ટર તરીકે જાહેર કર્યું નથી. તેમને તરત જ આવું કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે.

## વાપીની સેન્ટ્રલ GSTની ઓફિસમાં ACBનો સપાટો, લાંચિયા અધિકારીને દબોચી લીધો, એક ફરાર

વાપી, વાપીની સેન્ટ્રલ જીએસટીની ઓફિસમાં વ્યાપેલા ભ્રષ્ટાચારનો ફણગો ફૂટ્યો છે. એલસીબીનો સપાટો બોલાવી સેન્ટ્રલ જીએસટી વિભાગના ૨ અધિકારીઓને લાંચ લેતા ઝડપાતા જીએસટીની ઓફિસની લોબીમાં સોંપો પડી ગયો હતો. જેમાં એક અધિકારો એસીબીની ઝપટે ચડ્યો છે જ્યારે એક આરોપી એસસીબીને હાથતાળી આપી નાશી છૂટવામા સફળ રહેતા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

વાપીની સેન્ટ્રલ જીએસટીની ઓફિસમાંથી ભ્રષ્ટાચાર ખુલીને બહાર આવ્યો છે.લાંચની બાતમીને પગલે ACBએ રેડ પાડી હતી.આ દરમિયાન GST વિભાગના ૨ અધિકારીઓએ લાંચ સ્વીકારી હોવાનું સામે આવ્યું હતું. ACBના આ છટકામાં જીએસટીની ઓફિસનો ઈન્સપેક્ટર ગુરપિંદરસિંહ એક સુપરિટેન્ડન્ટ રામકિશોર મીના લાંચ લેતા ઝડપાયા હતા.આ બન્ને આરોપીઓએ રૂપિયા ૨૦ હજારની લાંચ સ્વીકારી હતી. જે મામલે પ્રાથમિક તપાસ દરમિયાન લેબર કોન્ટ્રાક્ટરની બંધ પેઢીનો સર્વિસ ટેક્સ ભરવા માગી લાંચ માંગી હોવાનું સામે આવ્યું હતું.

આ કાર્યવાહી દરમિયાન સુપરિટેન્ડેન્ટ રામકિશોર મીના ઝડપાયો હતો જ્યારે આરોપી ઈન્સપેક્ટર ગુરપિંદરસિંહ ફરાર થઈ જતા તેને દબોચી લેવા તપાસના ચક્રો ગતિમાન કરાયા છે.

## આપની આજ.......

મેષ : આજે ખોટા વર્તનને કારણે તમે તમારી જાતને અને પરિવારને મુશ્કેલીમાં મુકી શકો છો. પ્રિયજનોથી અંતર વધી શકે છે. તમે દરેક બાબતમાં બેદરકાર થઈ શકો છો, જેના કારણે સામાજિક દરજ્જો પડી શકે છે.

વૃષભ : છેલ્લા કેટલાક દિવસો કરતાં આજનો દિવસ સારો રહેશે. જો કે તમારો સ્વભાવ બેદરકારી જેવો હશે. અન્ય લોકોને દ્વિધામાં મુકીને તમે તમારામાં ખુશ થશો.

મિથુન : પરિવારના કોઈ મહત્વના મુદ્દાને લઈને ઘરમાં ચર્ચા થઈ શકે છે. બપોર સુધીનો સમય ઉદાસીનતા ભરેલો રહેશે, કોઈક છુપાયેલા કારણોને લીધે મનમાં દ્વિધા રહેશે.સતત ખર્ચ કરવાથી સંચિત સંપત્તિમાં ઘટાડો થશે.

કર્ક : આજે તમે જે પણ કાર્ય હાથમાં લેશો તેમાં બેદરકારી બતાવશો. ઘરના વડીલો અથવા અધિકારીઓ તમારાથી ગુસ્સે થઈ શકે છે પણ દયા પણ બતાવશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક સાબિત થશે, પરંતુ તમે કાર્યો પ્રત્યે વધુ બેદરકાર રહેશો. જેના કારણે કરવામાં આવતા કામ પણ બગડી શકે છે.

કન્યા : આજે તમે તમારી બુદ્ધિ અને વિવેકનો ઉપયોગ થોડો વધારે કરશો. કોઈ શંકાસ્પદ વ્યક્તિ સાથે ઝઘડાનું કારણ બની શકે છે. તમે જે પણ કામ કરો છો તમારે તેમાં બીજા દિવસો કરતા વધારે ચલાવવું પડી શકે છે.

તુલા : કાર્યસ્થળની પરિસ્થિતિ શાંત દેખાશે, જેના કારણે ધીમે ધીમે તમામ કાર્ય સરળતાથી પૂર્ણ થઈ જશે. પારિવારિક વ્યવસાયમાં પોતાને પ્રભાવશાળી બનાવવા માટે થોડો વિચાર આપવો પડશે.

વૃશ્ચિક : આજે તમારી પાસે થોડી ધૈર્ય રહેશે. વ્યવસાયિક વર્ગ સવારથી જ કામમાં વ્યસ્ત રહેશે, પરંતુ કાર્યસ્થળમાં મંદીના કારણે આજે તમારું ધ્યાન વિચલિત થઈ શકે છે. બપોરે નરમ સ્વાસ્થ્ય પણ કામમાં થોડી ખલેલ પહોંચાડી શકે છે.

ધન : આજે તમારા સ્વભાવમાં અહંકારની ભાવના રહેશે. તમારું કાર્ય પૂર્ણ કરવા માટે ખોટી પદ્ધતિઓ અપનાવવાથી ડરશો નહીં. ઘરમાં ભાઈ-બહેનો સાથે ધૈર્ય ન હોવાને કારણે કોઈક અથવા બીજી બાબતમાં મતભેદ થવાની સંભાવના છે. વૃદ્ધો સાથે મતભેદોના પરિણામો નુકસાનકારક હોઈ શકે છે.

મકર : આજે તમારી પાસે સંતોષકારક વલણ રહેશે. જો તમારી પાસે પૈસા અથવા આદર મેળવવાની ઈચ્છા હોય તો પણ તમે તેના માટે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં હોવ.

કુંભ : આજે તમને બપોર સુધી ધીરજથી કામ કરવાની સલાહ આપવામાં આવે છે. બપોરે સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ ઓછી રહેશે. ધંધા પ્રત્યે કામ ઓછું ગંભીર રહેશે.

મીન : આજે બપોર એ દિવસના પહેલા ભાગ કરતાં સારી રહેશે. નાણાંકીય અને સ્થાવર મિલકત માટે સમય શુભ છે. જે કામ ઘણા દિવસોથી અટવાયેલું છે તેનાથી પૈસાને ફાયદો થશે. પૈતૃક અથવા અન્ય સંપત્તિથી લાભ થવાની સંભાવના પણ છે. તમે મોટા લોકો પાસેથી સ્વાર્થ પૂરો કરશો.

# ગુજરાતના ખેલાડીઓને કુલ ૮૦ લાખ રૂપિયાના ખેલ પ્રતિભા પુરસ્કાર એનાયત કરાયા

## નરેન્દ્ર મોદીએ ખેલ-કૂદ રમત-ગમત માટે જે નવતર કદમ ઉઠાવ્યા છે અને પ્રોત્સાહનો આપ્યા છે તેનાથી દેશભરના હરેક ખેલાડીનો ઉત્સાહ વધ્યો છે.: મુખ્યમંત્રી

ગાંધીનગર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોમનવેલ્થ ગેઈમ્સ-૨૦૨૨માં વિવિધ રમતોમાં મેડલ્સ પ્રાપ્ત કરી ભારત અને ગુજરાતનું વિશ્વમાં ગૌરવ વધારનારા ખેલાડીઓને ગાંધીનગરમાં કુલ ૮૦ લાખ રૂપિયાના ખેલ પ્રતિભા પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ દ્વારા ગાંધીનગરમાં આ વિજેતા ખેલાડીઓના સન્માનનો ગૌરવશાળી સમારોહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી અને રાજ્ય મંત્રીએ કોમનવેલ્થ ગેઈમ્સ-૨૦૨૨માં ટેબલ ટેનિસ રમતમાં ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ વિનર ગુજરાતના ખેલાડી હરમિત દેસાઈને રૂ. ૩૫ લાખનો ખેલ પ્રતિભા પુરસ્કાર એનાયત કર્યો હતો. જ્યારે પેરા ટેબલ ટેનિસમાં સિંગલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત ભાવિના પટેલને રૂ. ૨૫ લાખ, બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત દિવ્યાંગ ખેલાડી સોનલ પટેલને રૂ. ૧૦ લાખની પુરસ્કાર રાશિના ચેક અર્પણ કર્યા હતા. તેમણે આ કોમનવેલ્થ ગેઈમ્સમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારી ગુજરાતની બે પ્રતિભાવંત મહિલા ક્રિકેટર યાશિકા ભાટિયા અને રાધા યાદવને પ્રત્યેકને પાંચ લાખ રૂપિયા ખેલ પ્રતિભા પુરસ્કાર અન્વયે અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે ઉપસ્થિત ખેલાડીઓને પ્રેરણા આપતાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેલ-કૂદ રમત-ગમત માટે જે નવતર કદમ ઉઠાવ્યા છે અને પ્રોત્સાહનો આપ્યા છે તેનાથી દેશભરના હરેક ખેલાડીનો ઉત્સાહ વધ્યો છે. રમત-ગમત પ્રત્યે જોવાની લોકોની દ્રષ્ટિ બદલાઈ છે અને હરેક રમતોમાં છેક ગ્રામીણ સ્તરેથી પણ





પ્રતિભાવંત હોનહાર ખેલાડીઓ વિવિધ રમત-ગમતોમાં ભાગ લેતા થયા છે. એટલું જ નહિ, ભારત હવે રમત-ગમત સહિત હરેક ક્ષેત્રે વિશ્વમાં આગળ વધ્યું છે. રાજ્ય સરકાર પણ ખેલાડીઓને અદ્યતન તાલીમ, પ્રોત્સાહનો અને જરૂરી વ્યવસ્થાઓ પૂરી પાડી રાજ્યના ખેલાડીઓ વિશ્વસ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તે માટે તેમની પડખે ઊભી રહી છે. મુખ્યમંત્રીએ આ વિજેતા ખેલાડીઓને ઉજ્જ્વળ કારકીર્દી અને વધુ ઉત્કૃષ્ટ પ્રદર્શન માટેની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, કોમનવેલ્થ ગેઈમ્સમાં આ વખતે ભારત ટોપ-૫માં સ્થાન પામ્યુ છે અને ગુજરાતના ખેલાડીઓએ પોતાના ઉજ્જ્વળ દેખાવ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષે ભારતના વિજય વાવટા વિશ્વના ખેલાડીઓ સમક્ષ લહેરાવ્યા છે. તેમણે કહ્યું કે, રાજ્યના ખેલાડીઓને સતત પ્રોત્સાહન મળતું રહે અને ગુજરાત રમતોમાં પણ અગ્રીમ રહે તેવી નેમ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વમાં સરકારે રમત-ગમત ક્ષેત્રના બજેટમાં વધારા સહિત ખેલાડીઓ માટે અનેકવિધ સુવિધાઓ આપી છે.આવનારા દિવસોમાં ૩૬મી નેશનલ ગેઈમ્સનું યજમાન બનવા પણ ગુજરાત સજ્જ છે અને નવરાત્રિના દિવસોમાં યોજાનારા આ રમતોત્સવમાં દેશના વિવિધ રાજ્યોના ખેલાડીઓ રમતો સાથે સાથે ગુજરાતની આગવી સાંસ્કૃતિક ઓળખ સમા ગરબા પણ માણી શકે તેવું આયોજન મુખ્યમંત્રીના દિશાનિર્દેશનમાં થઈ રહ્યું છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ઝાલોદના વેલપુરા ગામે સંતરામપુર હાઈવે ઉપર બે એસ.ટી. બસો અથડાતા ૩૦ મુસાફરોને ઈજાઓ

દાહોદ,

ઝાલોદ તાલુકાના વેલપુરા ગામે ચાલો સંતરામપુર હાઈવે પર બે એસટી બસો સામસામે અથડાતા બંને બસોમાં મુસાફરી કરી રહેલા ૩૦ થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળેલ છે. જે પૈકી ૧૫થી વધુ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને વધુ સારવાર અર્થે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા છે.



દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સુખસર ગામે થઈને પસાર થતા ઝાલોદ-સંતરામપુર હાઈવે ઉપર વેલપુરા ગામ નજીક બે એસટી બસો વચ્ચે જોશભેર ટક્કર થતા બંને બસોમાં મુસાફરી કરી રહેલા ૩૦ થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયાં છે. બંને બસો જોશભેર અથડાયા બાદ ભેગા થયેલા સ્થાનિકોએ જુદી જુદી ૪ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા ત્યારે ૧૫ થી વધુ મુસાફરોને હાલત ગંભીર હોવાથી દાહોદ રિફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ સંબંધ ઘટના સ્થળે ઝાલોદ પોલીસ અને સુખસર પોલીસ ઘટના સ્થળે પહોંચીને જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઝાલોદ તાલુકાના વેલપુરા નજીક અવારનવાર માર્ગ અકસ્માતના બનાવો વધતા આ વિસ્તાર અકસ્માત ઝોન બની ચૂકવા પામ્યું છે. ત્યારે આ માર્ગ બાબતે સંબંધિત તંત્રનું ભેદી મૌન જોવા મળી રહ્યું છે. જોકે, હાલ ઘટના સંદર્ભે પોલીસે ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

# દે.બારીઆના ડભવા ગામે ફોન ઉપર ગાળો બોલવા મામલે ૮ ઈસમોએ એક વ્યક્તિને મારમારી ધીંગાણું મચાવ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ડભવા ગામે ફોન ઉપર ગાળો બોલવા મામલે આઠ જેટલા શસ્ત્રધારી ઈસમોના ટોળાએ એક વ્યક્તિના ઘરે આવી વ્યક્તિને ગડદાપાટ્ટુનો માર મારી તેને છોડવવા વચ્ચે પડેલ અન્ય એક વ્યક્તિને પણ ટોળાએ માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૬મી ઓગષ્ટના રોજ દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ, તોયણી, પંચેલા, કાલીયાગોટા, સાલીયા ગામે રહેતાં પંકજભાઈ કમળસિંહ પટેલ, મયુરભાઈ સુભાષભાઈ મોહનીયા, પ્રકાશભાઈ ચીમનભાઈ પટેલ, અલ્પશકુમાર ગમીરભાઈ હઠીયા, હીતેશભાઈ સુરેશભાઈ પટેલ, પ્રકાશકુમાર ભીમસિંગભાઈ પટેલ, હીતેશકુમાર ભીમસિંગભાઈ પટેલ અને પ્રવિણભાઈ નટવરભાઈ પટેલનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી ડભવા ગામે માતાજી ફળિયામાં રહેતાં રવિરાજસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી, ફોન પર ગાળો બોલવા મામલે એકદમ ઉશ્કેરાઈ જઈ રવિરાજસિંહને કહેવા લાગેલ કે, અમોને ફોનમાં ગાળો બોલવા વાળો, તેમ કહી રવિરાજસિંહનો કોલર પકડી, ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ત્યારે વચ્ચે છોડવવા પડેલ નીલેશભાઈ જયસિંહને પણ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી, આજે તો તું બચી ગયો છે, પરંતુ આજ પછી એકલો મળ્યો છે. તો મારી નાંખીશુ તેવી ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવી ટોળું નાસી જતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રવિરાજસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણે સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના જાલત ગામ સરકારી દવાખાના સુધીનો રોડ અને સ્મશાન બનાવવા આપ પાર્ટી દ્વારા રજુઆત



દાહોદ,

દાહોદ તાલુકાના જાલત ગામના ભુરીયા ફળીયા થી સરકારી દવાખાના સુધી રોડ અને સ્મશાન બનાવવાની માંગ સાથે આપ પાર્ટી દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ.

દાહોદ તાલુકાના જાલત ગામના ભરીયા ફળીયા થી સરકારી દવાખાના સુધી આર.સી.સી. અથવા ડામર રોડ બનાવવા માટે ગ્રામજનો દ્વારા તાલુકાકક્ષા એ અને જીલ્લાકક્ષાને રજુઆતો કરવા છતાં ગ્રાન્ટ નહિ ફાળવવામાં આવતાં રોડની કામગીરી કરાઈ નથી. સાથે ગામમાં સ્મશાન બનાવવામાં આવે તેવી માંગ સાથે દાહોદ આમ આદમી પાર્ટી દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ છે.

# ઝાલોદ નગરમાં આવેલ સરકારી દવાખાનાના કંમ્પાઉન્ડમાંથી એક મોટરસાઈકલની ચોરી

દાહોદ,

ગત તા.૧૫મી ઓગષ્ટના રોજ ઝાલોદ તાલુકાના ખરસાણા ગામે ડામોર ફળિયામાં રહેતાં કડકીયાભાઈ ચુનીયાભાઈ કામોળ કોઈ કામ અર્થે ઝાલોદ નગરમાં આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ ઝાલોદ નગરમાં આવેલ સરકારી દવાખાનાના કંમ્પાઉન્ડમાં લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાશી જતાં આ સંબંધે કડકીયાભાઈ ચુનીયાભાઈ કામોળે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફાઈનાન્શયલ એમ્પાવરમેન્ટ થ્રુ વેલ્થ ક્રિએશન વિષય ઉપર વેબીનાર યોજાયો

દાહોદ,

સરકારી ઈજનેરી કોલેજ દાહોદ અને એસોસિએશન ઓફ મ્યુચુઅલ ફંડ્સ ઈન ઈન્ડિય (AMFI)એ આજ રોજ એક વેબિનારનું આયોજન કર્યું હતું. વેબીનારમાં સૂર્યકાંત શર્મા (Ex. DGM, SEBI)એ "ફાઈનાન્શયલ એમ્પાવરમેન્ટ થ્રુ વેલ્થ ક્રિએશન" વિષય ઉપર ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. આ વેબિનારમાં ગુજરાત તેમજ દેશની જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓના ૨૭૦ જેટલા અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક ભાગ લીધો હતો. શર્માએ વિદ્યાર્થીઓનું સરસ માર્ગદર્શન કર્યું હતું. તેમજ તેમના પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપ્યા હતા.

# રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદનો શપથ ગ્રહણ સમારંભ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના ગોદી રોડ, અગ્રસેન ભવન ખાતે શપથ ગ્રહણ સમારંભ આર.આઈ.-૩૦૪૦ ના ડિસ્ટ્રિક ગવર્નર જિનેન્દ્ર જૈનના અધ્યક્ષતામાં શપથ ગ્રહણ અધિકારી કોમ્યુનિટી ચેર પર્શન સર્જિવ પટેલ દ્વારા સાલ ૨૦૨૨-૨૩ ના પદાધિકારીઓને શપથ લેવડાવ્યા હતા. સાથે-સાથે કલબના નવા સદસ્યોને પિન અર્પણ કરી તેઓનું સ્વાગત મુખ્ય અતિથિ ડિસ્ટ્રિક ગવર્નર જિનેન્દ્ર જૈને કર્યું હતું.

સામાજિક ક્ષેત્રે જોડાયેલાં સમાજ સેવક એલ.એન શર્મા, પત્રકારો ઈરફાન મલેક, વિનોદભાઈ પંચાલ, જીગ્નેશ બારીયા અને સંતોષ જૈન, મનિષ જૈન અને કલબના દાતા સિદ્દિકી બજારિયાનું શિલ્ડ એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

શપથ ગ્રહણ સમારંભમાં એ.જી શાંતિલાલ પટેલ, એ.જી. અરવિંદભાઈ સિસોદિયા, દાહોદ રોટરી કલબના સૌ સભ્યો, દાહોદ ઈનરવિલ કલબની બહેનો, સામાજિક સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કલબના સદસ્યો વીણાબેન પલાસ, હુસેન મુલ્લાંમીઠા, ખાનચદ ઉડવાની, શબ્બીર નગદી ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સમારંભનું સમાપન કલબના સેક્રેટરી હીરાલાલ સોલંકીએ સૌ ઉપસ્થિત જનોનો આભાર માની કર્યું હતું.

# દે.બારીઆના નાડાતોડ ગામે રૂ.૩.૧૧ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના નાડાતોડ ગામે એક રહેણાંક મકાનમાંથી દાહોદ એલ.સી.બી. પોલીસે રૂા. ૩,૧૧,૧૨૬નો વિદેશી દારૂ કબજે કર્યાંનું જ્યારે પોલીસને જોઈ બે ઈસમો નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૬મી ઓગષ્ટના રોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે નાડાતોડ ગામે સુથાર ફળિયામાં રહેતો સુરેશભાઈ ભાવસિંગભાઈ સુથારના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડતાં પોલીસને જોઈ સુરેશભાઈ તથા તેની સાથેનો અર્જુનભાઈ બકાભાઈ બારીયા નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૧૦૯૨ કિંમત રૂા. ૩,૧૧,૧૨૬ના પ્રોહી જથ્થો કબજે કરી પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેડૂતોને કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ અંતર્ગત બાગાયતી સહાય અપાશે

દાહોદ,

રાજ્ય સરકાર મોટાપાયે સામુહિક બહુવર્ષાયુ ફળપાકોના વાવેતર, ખેતર પરના વ્યવસ્થાપન તથા ખેતી ખર્ચમા સહાય આપવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવાના હેતુસર કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ માટે સહાય આપશે. આ યોજનાનો મહત્તમ લાભ લઈ શકે તે માટે આઈ-ખેડુત પોર્ટલ ઉપર આગામી તા.૦૩/૦૯/૨૦૨૨ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું છે. ખેડૂતોએ ઉક્ત સમયગાળા દરમ્યાન આઈ-ખેડુત પોર્ટ (www.ikhedut. gujarat. gov.in) પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ સાધનિક કાગળો કમ્બાઈન પ્રોજેક્ટ સાથેની અરજી નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નંબર ૨૩૩, જિલ્લા સેવા સદન, દાહોદ (ટેલીફોન નંબરઃ ૦૨૬૭૩-૨૩૯૨૫૧) ઉપર દિન-૭માં મોકલી આપવા નાયબ બાગાયત નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.

# ગોધરા ખાડી ફળીયા વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલ રેઈડ કરી ૭ જુગારીયાઓને ૨૧ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા



## સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા દરમિયાન પકડાયેલા આરોપી

૧. મહંમદ રફીક મિસ્ત્રી, રહે. કુબા બાજુમાં, મેશરી નદીના પટ ગોધરા મસ્જિદની.
૨. ઈશાક સલીમ શેખ, રહે. જહુરપૂરા શાક માર્કેટ પાછળ, ગોધરા
૩. આકાશકુમાર જયંતીલાલ મકવાણા, રહે. પાવર હાઉસ, તીરઘર વાસ, ગોધરા.
૪. મહંમદ હનીફ મૂર્તુજા ખાન પઠાણ, રહે. સોસાયટી, ચિત્રાખાડી, ગોધરા અમન.
૫. મુકેશ ઉર્ફે બોડો ભાવાભાઈ નાયક રહે. પથ્થર ફળિયું દરૂણીયા ગામ.
૬. અશ્વિન ભાઈલાલભાઈ રાણા, રહે. કાછિયાવાડ, પીપળા ફળિયું, ગોધરા.
૭. જીતેનભાઈ ઉર્ફે બંટુ રતિલાલ પ્રજાપતિ, રહે. ભાથીજી મંદિર પાછળ, કુંભારવાડા, ગોધરા.
૮. મહંમદ રફીકખાન ઉર્ફે મહંમદ બીડી શેરઅલીખાન પઠાણ, રહે. ખાડી ફળિયા, કુદ્રશા તકિયા, ગોધરા.

ગોધરાના ખાડી ફળિયા વિસ્તારમાં જાહેર શૌચાલયમાં ચાલી રહેલા વરલી મટકા આંક ફરકના જુગારમાં કટિંગ મેળવી વલણ ચૂકવનાર મહંમદ રફીક મિસ્ત્રી રહે. કુબા મસ્જિદની બાજુમાં, મેશરી નદીના પટ સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા દરમિયાન મળી આવ્યો ન હતો. હાલમાં તે ફરાર છે. જેથી સ્થાનિક પોલીસે ગુનો નોંધી તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગોધરા,

ગોધરા શહેરના ખાડી ફળિયા વિસ્તારમાં ગઈકાલે એક જાહેર શૌચાલયમાં વરલી મટકાના આંક ફરકનો જુગાર રમાડવામાં આવી રહ્યો હોવાની બાતમીના આધારે ગઈકાલે મંગળવારે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડા દરમ્યાન સાત જેટલા આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાંથી સાત ખેલીઓ પાસેથી અંગ ઝડતી રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત ૨૧ હજાર ૭૭૦ના મુદ્દામાલ સાથે અટકાયત કરવામાં આવી હતી. જ્યારે વરલી મટકા આંક ફરક જુગારનું કટિંગ મેળવી અને વલણ ચૂકવનારો આરોપી સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા દરમિયાન મળી આવ્યો ન હતો.

સાત ખેલીઓ ઝડપાયા; એક ફરાર આ બનાવ સંદર્ભે ગઈકાલે ગોધરા શહેરમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ખાડી ફળિયામાં આવેલા એક જાહેર શૌચાલયમાં જુગાર રમતા સાત ખેલીઓને રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. બાદમાં જાહેર શૌચાલયની હદ વિસ્તારને લઈને ગૂંચવણ ઉભી થવા પામી હતી. જેના કારણે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ અવઢવમાં મુકાઈ હતી. ઉપરોક્ત જાહેર શૌચાલય એ રેલ્વે પોલીસની હદમાં આવે છે કે બી ડિવીઝન પોલીસ સ્ટેશન હદમાં આવે છે, આ બાબતે સતત ચાર કલાક સુધી વધારે પૂછપરછ બાદ અંતે આ શૌચાલય નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલી હોઈ અને બી ડીવીઝન પોલીસ સ્ટેશનની હોવાનું બહાર આવ્યું હતું.


# પંચમહાલ જિલ્લાની જિલ્લા અદાલત દ્વારા વધુ એક પાકિસ્તાની નાગરીકની અપીલ અરજી કાઢી નાખી ૧૦,૦૦૦/- નો દંડ કરતો હુકમ

ગોધરા,

ગોધરા ખાતે વ્હોરવાડ વિસ્તારમાં આમલી ફળીયા ખાતે રહેતા હુઝેફા નુરૂદીન પુનાવાલાએ સને ૨૦૦૬ ની સાલમાં ગોધરાના ત્રીજા સીવીલ જજ (એસ.ડી) ની કોર્ટમાં રૈ.દિ.મુ નંબર ૯૧/૨૦૦૬ નો દાખલ કરી અને પોતે ભારતીય નાગરીક બતુલબેન ફખરૂદીન બોડેલીવાલાની દિકરી સાથે લગ્ન કરેલ છે અને તેથી તેઓ ભારતમાં રહેવાનો અધિકાર છે અને સીટીઝન શીપ એકટની જોગવાઈઓ અનુસાર ભારતીય નાગરીક સાથે લગ્ન કરેલા હોઈ તેઓને ભારતમાં રહેવા દેવા જોઈએ તે મતલબનો દાવો દાખલ કરી અને નામદાર કોર્ટમાં દાદ માંગેલ હતી. જે દાવો ગોધરાના ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ (એસ.ડી)એ તા ૨૭/૦૬/૨૦૧૬ ના રોજ કાઢી નાખેલ અને આ હુઝેફા નુરૂદીન પુનાવાલા ભારતના નાગરીક નથી અને તેમને ભારતમાં રહેવાનો કોઈ હકક નથી તેવું ઠરાવેલ હતું અને તેમને નામદાર કોર્ટ દ્વારા ખર્ચનો હુકમ પણ કરવામાં આવેલ હતો. જે હુકમથી નારાજ થઈ આ હુઝેફા નુરૂદીન પુનાવાલાએ પંચમહાલ જિલ્લાના પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટની કોર્ટમાં રેગ્યુલર સીવીલ અપીલ નંબર ૩૦/૨૦૧૬ થી દાખલ કરેલી હતી અને નામદાર કોર્ટમાં પોતાને સરકારશ્રી ભારતમાંથી બહાર કાઢે નહી અને ભારતના નાગરીક તરીકે સ્વીકારે તેવો હુકમ કરવા દાદ માંગેલ હતી. જે અપીલ નંબર ૩૦/૨૦૧૬ થી હાલમાં પંચમહાલ જિલ્લાના પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ જજ જે.સી.દોશીની કોર્ટમાં ચાલવા ઉપર આવતા નામદાર કોર્ટ દ્વારા પોતાની સમક્ષ રજુ થયેલ તમામ રેકર્ડ તથા અન્ય દસ્તાવેજો તથા જિલ્લા સરકારી વકીલ રાકેશ.એસ.ઠાકોરની વિગતવારની દલીલો તથા સરકાર પક્ષે જિલ્લા પોલીસ વડા હિમાંશુ.આઈ.સોલંકી દ્વારા પુરા પડાયેલા તમામ દસ્તાવેજો કાગળો તથા જિલ્લા પોલીસ વડાના સતત માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી રજુઆતો તથા સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એ રજુ કરેલા નામદાર વિવિધ વડી અદાલતોના ચુકાદાઓ વિગેરે ધ્યાને લઈ તથા હાલમાં જ પંચમહાલ જિલ્લાના પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ જજ જે.સી.દોશી અન્ય પાકિસ્તાની નાગરીક અકીલ પીપલોદવાલમાં આપેલ હુકમ વિરૂદધ અકીલ પીપલોદવાલા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરતાં તે અપીલ દાખલ કરતાં તે અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા વિગતવારનો હુકમ કરી તા ૦૨/૦૮/૨૦૨૨ ના રોજ કાઢી નાંખતા તે હુકમ પણ હાલની અરજીના કામે રજુ થતા તમામ પરીસ્થિતિઓ જોતાં પંચમહાલ જિલ્લાના પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ જજ જે.સી.દોશી દ્વારા હુઝેફા ગુરૂદીન પુનાવાલાની અરજી ખર્ચ સહિત કાઢી નાખેલ છે અને નામદાર કોર્ટ દ્વારા ઠરાવ્યું છે કે હુઝેફા નુરૂદીન પુનાવાલા પોતે કોઈપણ રીતે ભારતના નાગરીક કયારેય હતા નહી અને તેઓ ભારતીય પાસપોટ પણ ધરાવતા નથી અને તેઓ પાકિસ્તાની પાસપોર્ટ ધરાવતા હતા અને પાકિસ્તાની વિઝા લઈ ભારત આવી ભારતમાં ગેરકાયદેસર રીતે રહેવા લાગેલા અને તે દરમ્યાન તેમણે કાયદાની જોગવાઈઓથી વિરૂદધ જઈ ભારતીય નાગરીક સાથે લગ્ન કરેલા છે પરંતુ તેનાથી ભારતીય નાગરીક બની શકાય નહી અને આ તમામ બાબતો નકકી કરવાની સતા સીવીલ કોર્ટને મળતી નથી અને તેથી નામદાર કોર્ટ દ્વારા અપીલ અરજી કાઢી નાંખવામાં આવેલ છે અને અપીલકર્તા ને તમામ ખર્ચ ભોગવવાના હુકમ સાથે સ્પેશ્યલ દંડ તરીકે રૂા. ૧૦,૦૦૦/- નો દંડ કરેલ છે. આ હુકમ થતા ગોધરા શહેર અને તેની આજુબાજુમાં ગેરકાયદેસર વસવાટ કરતા તમામ પાકિસ્તાની તથા વિદેશી નાગરીકોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે અને આ હુકમ થવાથી જિલ્લા પોલીસ પણ હરકતમાં આવી ગયેલ છે અને તેમને ગેરકાયદેસર વસતા તમામ પાકિસ્તાની તથા વિદેશી નાગરિકોને દેશ છોડવા માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હોવાનું સતાવાર સુત્રો દ્વારા જાણવા મળેલ છે.આ બાબતે જિલ્લા સરકારી વકીલ રાકેશ.એસ.ઠાકોરનો સંપર્ક કરતાં તેમને જણાવેલ છે કે, હાલ ગોધરાની અદાલતોમાં આવી થોડી ઘણી મેટરો પેન્ડીંગ છે, પરંતુ આ તમામ મેટરો ઝડપથી ચલાવવા હાલ પ્રયત્ન થઈ રહેલો છે અને જિલ્લા પોલીસ વડા આ તમામ બાબતોમાં ખુબ જ કડકાઈ થી હાલ કામગીરી કરી રહેલા છે.

# ગોધરા ચેરીટી કમિશ્નર કચેરી ખાતે ૭૬મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરાઈ





તસ્વીર : રાજેશ પટેલ, ગોધરા

ગોધરા,

ગોધરા ચેરીટી કમિશ્નર કચેરી ખાતે ૭૬મા સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી. સ્વાતંત્ર પર્વ એ ચેરીટી કમિશ્નર એસ.એસ. નાયર દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું. સ્વાતંત્ર પર્વની ઉજવણીમાં અધિક્ષક એચ.એચ. મકવાણા, એસ.એસ. પરમાર, આર.એમ. પરમાર, રિધ્ધીબેન પટેલ હાજર રહ્યા હતા.

સ્વાતંત્ર પર્વની ઉજવણી માટે ટ્રસ્ટના અગ્રણીઓ અંજની સુતાય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના રાજેશભાઈ એસ. પટેલ (પ્રમુખ)અને ચાણકય ટ્રસ્ટ મીહિરભાઈ હાજર રહ્યા હતા. સ્વાતંત્ર પર્વ એ પ્રતિજ્ઞા પત્ર, રાષ્ટ્રગીત, ઝંડા ગીત, વંદ્દે માતરમના ગાન કરી રાષ્ટ્ર ભકિતમાં તરબોડ થયા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.302

## ગોધરા-વડોદરા હાઈવે કોઠી સ્ટીલ ચોકડી પાસે અવાર-નવાર

# STબસ રેલાઇ જવાના કિસ્સાઓને લઈ આ વિસ્તારમાં સ્પીડ બ્રેક મુકવા જરૂરી

### ગોન્દ્રા થી તૃપ્તી હોટલ સુધીના રોડ ઉપર વાહન રેલાઈ જવાની ઘટના ટેકનીકલ ખામી હોવાની પણ બુમ

ગોધરા,

ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર કોઠી સ્ટીલ ચોકડી પાસેના વળાંકમાં ડામર રોડ ઉપર કોઈ ટેકનીકલ ખામી અથવા પુરઝડપે જતાં વાહનો સ્પીડ કંટ્રોલ નહિ કરી શકવા તે લઈ અવાર-નવાર અકસ્માતોની ઘટના સામે આવી રહી છે. ત્યારે હાઈવે રોડ ઉપર ગોન્દ્રા ચોકડી થી તૃપ્તી હોટેલ સુધીના ગાળામાં સ્પીડ બ્રેકર બનાવવામાં આવે તે જરૂરી છે. જો આ રોડ ઉપર સ્પીડ બ્રેકર બનાવવામાં નહિ આવે તો ભવિષ્યમાં મોટો અકસ્માત અને જાનહાનિ થાય તે નકારી શકાય નહિ.



ગોધરા-વડોદરા હાઈવે રોડનું સિવિલ હોસ્પિટલ થી તૃપ્તી હોટલ ચોકડી સુધીના ડામર રોડનું રીસરફિસીંગનું કામ વર્ષ ૨૦૨૧માં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉનાળાની સીઝનમાં બી.સી. પેન્ટીંગની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીમાં પ્રોપર સ્પ્રેગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સ્પ્રેગન ખામી વાળી હોવાને લઈ બી ટુમીનનો વધારો પ્રમાણમાં સ્પ્રે થતો હતો. કોન્ટેટી કરતાં વધારે ડામરનો વેડફાટ હોવાને લઈ રોડની ૭૦ ટકા ભાગ લપસણી થઈ ગયેલ ચોકકસ સ્પીડમાં જતા વાહનોના ટાયર અને રોડની સરફેસમાં બોન્ડીંગ આવવાથી વાહનો કન્ટ્રોલ બહાર જતાં રહેતા ગંભીર અકસ્માતના બનાવો બની રહ્યા છે. વડોદરા હાઈવે ચિખોદ્રા ચોકડી પાસે અવાર-નવાર એસ.ટી.બસના ચાલકો સ્ટીયરીંગ પરના કાબુ ગુમાવી દેવાને લઈ એસ.ટી.બસ ખાડામાં ઉતરી જવાના બનાવો બની ચુકયા છે. રક્ષાબંધનના પર્વએ ચિખોદ્રા ચોકડી પાસે બસથી ૭ જેટલા મુસાફરો રાહ જોઈ રહ્યા હતા. ત્યારે એસ.ટી.બસને ઉભી રાખવાનો હાથ કરતાં એસ.ટી.બસ ઉભી રાખવાના પ્રયાસ દરમિયાન એસ.ટી.બસના ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતાં રોડ સાઈડમાં ઉભેલ મુસાફરોને અડફેટમાં લઈ ત્રણ વ્યકિતને ઈજાઓ પહોંચાડી હતી. સદ્દનસીબે જાનહાનિ ટળી હતી. ત્યારે ચિખોદ્રા ચોકડી થી તૃપ્તી હોટલ સુધી થતાં અકસ્માતો અટકાવવા માટે રોડ ઉપર સ્પીડ બ્રેકર મુકવામાં આવે તો ઓવર સ્પીડ જતાં વાહનોની ગતિ ધીમી થાય અને આવા અવારનવાર બનતા અકસ્માતોની ઘટના બંધ થાય તેમ લાગી રહ્યું છે. આજ રોજ ચિખોદ્રા ચોકડી થી તૃપ્તી હોટલ પાસે અડધા કલાકમાં બે અલગ- અલગ એસ.ટી.ના ચાલકોએ પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી આગળ ચાલતી કારોને પાછળ થી ટકકર મારી નુકશાન કર્યું હતું. અવાર-નવાર વડોદરા હાઈવે ચિખોદ્રા પાસે અવાર-નવાર અકસ્માતની ઘના જોતાં બસના ચાલકો આટલા વિસ્તારમાં ગતિ ધીમી રાખે તો અકસ્માતની ઘટના ટાળી શકાય છે.

## ગોધરા વોર્ડ નં.૨ની ૫૦ જેટલી સોસાયટીઓને ૧૦ વર્ષના લાંબા ગાળે રસ્તાની સુવિધાનો અભાવ

ગોધરા,

હમણાં ભારત દેશ આખો આજાદી ના ૭૫ વર્ષની ઉજવણી કરી રહેલ છે. તેવામાં ગોધરા નગર પાલિકાના વોર્ડ નંબર-૨ ની ૧૦ વર્ષ જૂની સોસાયટીઓના રહીશોને પાકા રોડ તો એક તરફ કાચા રસ્તાનું પુરાણ વાળા રસ્તાની સગવડ પણ મળેલી નથી. તો આ સોસાયટીઓના કાદવ-કીચડ વાળા રસ્તા પર ચાલતા નાગરિકો કેવી રીતે આઝીદીની ઉજવણી કરે-મોટી મોટી જાહેરાતો સરકાર દ્વારા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા અલગ છે. ગોધરા શહેરના નગર પાલિકાના હદમાં આવેલ વોર્ડ નંબર-૨ માં આવેલી દશા માતા રેલ્વે ફાટક પાસે આવેલ સુભાષપાર્ક, સિદ્ધિ વિનાયક ટેનામેન્ટ, દિવાળીની ચલ, મનોરથ ટેનામેન્ટ જેવી ૫૦ જેટલી સોસાયટીઓ આવેલી છે અને આ સોસાયટીના આશરે ૨૦૦૦ મકાનોમાં રહેતા ૧૦,૦૦૦ નાગરિકો



દરરોજ એક થી બે ફૂટ કાદવ-કીચડવાળા રસ્તાઓ પર ચાલીને પોતાના ધંધા રોજગાર પર જાય છે. આશરે ૧ કિલો મીટરનો રસ્તો કાદવ-કીચડ વાળો હોવાથી અહીંયા ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આવી શકિત નથી. રહીશોને ઈમરજન્સીના સમયે દર્દીને તથા ગર્ભવતી મહિલાને ઉંચકીને ૧ કિલોમીટર સુધી લઇ જવું પડે છે. બાળકો કીચડવાળા રસ્તા પર પડી જવાના કારણે કીચડવાળા ગંદા સ્કૂલ યુનિફોર્મમાંજ સ્કૂલમાં જાય છે. મોટર સાયકલ સ્લીપ થવાના કારણે ઘણા વાહન ચાલકોને હાથ પગ તૂટી જવાના બનાવો પણ બનેલ છે. રોજના આશરે ૨૫ હજાર વાહનો આ રસ્તા પરથી અવાર જવર કરે છે. આ ૫૦ સોસાયટીના રહીશોએ જિલ્લા કલેક્ટરને તથા નગર પાલિકાના વોર્ડ નંબર-૨ ના નેતાઓને પાકા રસ્તા બનાવી આપવા લેખિતમાં રજૂઆતો કરવા છતાં કોઈ સાંભળતું નથી. હવે તો લોકોએ રસ્તા બનવાની આશા પણ છોડી દીધી છે. જો દર પાંચ વર્ષે ચુંટણી વખતે અમે જીતીશું તો પાકા રોડ બનાવીશું ના વાયદાઓ કરનાર નેતાઓ ચુંટણી જીત્યા પછી ફરકતા પણ નથી. તો આવા નેતાઓને મત આપવાની શું જરૂર અને આ નેતાઓની પણ સમાજને શું જરૂર રજુઅતો કરવા છતાં અજાદીના ૭૫ વર્ષ પછી પણ નગર પલોકાની હદમાં રોડ બનેલ નથી. આખરે ગોધરા નગરના રહીશોએ હવે થાકીને ગોધરા શહેરને રોડ લેસ સીટીનો બિરૂદ્ધ આપેલ છે. આઝાદીના ૭૫ વર્ષે પણ ગોધરા નગર પાલિકા રહીશોને પાકા રોડ પણ ન આપતી હોય તો નેતાઓને શરમાવવાની જરૂર છે. આખરે નેતાઓથી કંટાળીને લોકોએ આત્મનિર્ભર બનીને આ રસ્તા પોતાના જ ખર્ચે બનવવાની ઝુંબેશ શરૂ કરેલ છે.

## ઘોઘંબાના રણજીતનગર ગામે ૩૦ વર્ષીય યુવાનનું તેના ઘર પાછળથી મૃતદેહ મળી આવ્યો

### પોલીસે હત્યાનો ગુનો ઉકેલવા મૃતકના બે ભાઈ અને પિતાની અટકાયત કરી

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રણજીત નગર ગામના યુવકનો માથામાં કોઈ હથિયારના ફટકા મારી હત્યા કરવામાં આવ્યા હોય તે રીતે યુવકનો મૃતદેહ મકાનના પાછળ થી મળી આવ્યો હતો. આ ઘટનાને લઈ પોલીસ સ્થળ ઉપર પહોંચીને મૃતક યુવકના બે ભાઈ અને પિતાની પુછપરછ માટે અટકાયત કરવામાં આવી છે.

ઘોઘંબા તાલુકાના રણજીતનગર ગામે બાળવા ફળીયામાં રહેતા દિલીપ કલ્યાણભાઈ બારીયા ઉ.વ.૩૦નો માથાના ભાગે હથિયારના ફટરો મારી ઢીમ ઢાળેલી હાલતમાં યુવકનો મૃતદેહ તેના ઘરના પાછળ થી મળી આવ્યો છે. મૃતક દિલીપના પહેલા લગ્ન થયેલ હતો. તેમાં ભંગાણ થયા પછી તેના બીજા લગ્ન ખરોડ ખાતે થયા હતા. લગ્ન જીવનમાં કોઈ સંતાન ન હતી અને પત્ની કેટલાક સમયથી પિયરમાં રહેતી હતી. દિલીપ તેના પરીવારના બે ભાઈ અને બહેન પિતા સાથે રહેતા હતા. દિલીપનું ગતરાત્રે કોઈ વ્યકિતએ માથામાં ઘા મારીને હત્યા કરી નાખેલ મૃતદેહ ઘરના પાછળના ભાગે થી મળી આવ્યો. ઘટના પાછળ દિલીપના મૃતદેહ જોવા મળતાં રહિશો દ્વારા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

રાજગઢ પોલીસને જાણ કરવામાં આવી હતી અને મૃતદેહનો કબ્જો મેળવીને પી.એમ.અર્થે હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. પોલીસે શંકાસ્પદ રીતે થયેલ હત્યાનો ભેદ ઉકેલવા માટે પોલીસ દ્વારા મૃતકના બે ભાઈ અને પિતાની અટકાયત કરી પુછપરછ હાથ ધરાઈ છે. યુવાનની નિર્મમ હત્યાના બનાવને લઈ લોકોમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. પોલીસે હત્યાનો ભેદ ઉકેલવા તજવીજ હાથ ધરી છે.

## વેજલપુર ગામને શરમસાર કરતા દ્રષ્યો કેમેરામાં કેદ : તંત્ર કુંભકરણની નિદ્રામાં

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામને શરમસાર કરતા દ્રશ્યો કેમેરામાં કેદ તંત્ર કુંભકરણની નિદ્રામાં જિલ્લા અને તાલુકાના અધિકારીઓને વેજલપુર ગામના વિકાસની તમામ પ્રકારની જાણકારી હોવા છતાં આંખ આડા કાન જેના લીધે કોન્ટ્રાકટરની મન માની જેથી વેજલપુર ગામના રહીશો સુવિધાઓથી વંચિત સી.સી.રોડ મંજુર હોવા છતાં ઈમરજન્સી એમ્બ્યુલન્સ ગ્રામજનો પાણી માંથી પ્રસાર કરવા મજબૂર વેજલપુર ગામના લોકોને ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં દર્દીને લઈ જવા માટે સામાન્ય વરસાદ થતા વેજલપુર ગામનું મુખ્ય અને જૂનું અને જાણીતું


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વૈજનાથ મહાદેવ મંદિર આગળ એમ્બ્યુલન્સના અડધા ટાયર ડૂબે એટલું પાણી ભરતા ગ્રામજનોને વરસાદી પાણી માંથી જવા મજબૂર થવું પડે છે. જેના દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. ત્યારે વાત કરીએ તો વેજલપુર ગામે આવેલ હાઈવે થી મહાદેવ મંદિર થય નદી સુધી સી.સી. રોડ મનરેગા યોજના હેઠળ ચાર ભાગમાં ૨૦ લાખની ગ્રાન્ટમાં મંજુર થયેલ છે. ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા માટી મેટલ કે લેવલિંગ કર્યા વગર માત્ર કપચી નાખી એકદમ તકલાદી કામગીરી કરતા સ્થાનિક રહીશો દ્વારા કામગીરી બંધ કરાવી હતી. જેથી માટી લેવલિંગ કામ ન થયું હોવાના કારણે મુખ્ય માર્ગ રસ્તો ગણાતા રસ્તા ઉપર વરસાદનું પાણી ભરતા ગ્રામજનોને ઈમરજન્સી એમ્બ્યુલન્સ જેવા વાહનો કાઢવામાં મુશ્કેલીઓ વેઠવી પડે છે. જેથી હવે જિલ્લા અને તાલુકાના અધિકારીઓ વેજલપુર ગામના ભ્રષ્ટાચારની તપાસ કરી જવાબદાર અધિકારી સામે પગલાં ભરી કાયદાકીય કાર્યવાહી કરીને પોતાનું જમીર જગાવશે ખરાં કે પછી જિલ્લા અને તાલુકાના અધિકારીઓ આંખ આડા કાન કરશે.

## શ્રાવણ માસમાં નદીસરમાં ભજન મંડળીની સાંધ્યા જામી


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર,

શ્રાવણ માસને શાસ્ત્રોમાં અતિ પવિત્ર માસ ગણવામાં આવ્યો છે. આ માસમાં ધાર્મિક તહેવારો પણ મોટી માત્રામાં આવે છે. ત્યારે શ્રાવણ માસમાં શહેર હોય કે ગ્રામ્ય વિસ્તાર પણ મહિલા દ્વારા નાની મોટી ટીમ બનાવીને ભજન મંડળના નેજા હેઠળ રોજ બપોરે જે સાંજે અલગ અલગ ઘરોમાં જ્યાં પણ આમંત્રણ હોય ત્યાં અથવા મંદિરમાં ભજન કરવામાં આવે છે. વિવિધ વાજીંત્રો સાથે લયબદ્ધ રીતે ગવાતા ભજનો સાંભળવાનો પણ એક લ્હાવો છે. ભજનમાં ઘણી વખત વેશભુષા પણ રચીને અલગ અલગ પૌરાણિક કથાઓ દર્શાવવામાં આવે છે. ભજન દ્વારા થકી આવકનો ખર્ચ પણ ધાર્મિક હેતુ માટે કરવામાં આવે છે. મોટા ભાગે રાધા કૃષ્ણના ભજનો વધુ પ્રમાણમાં ગવાતા હોય છે. ત્યારે હજુ પણ આવા ભજન મંડળની રમઝટ ઠેર ઠેર જામે છે.

## ઘોઘંબામાં બ્લડ બેંકની સુવિધા ઉપલબ્ધ કરાવવા જીલ્લા કલેકટરને આપ પાર્ટી દ્વારા રજુઆત

ઘોઘંબા,

ઘોઘંબામાં બ્લડ બેંકની સુવિધા ઉપલબ્ધ કરાવવા જિલ્લા કલેકટરને લેખીત રજુઆત કરવામાં આવી. આમ આદમી પાર્ટીના પંચમહાલ લોકસભા પ્રમુખ દિનેશ બારીઆએ આજ રોજ પંચમહાલ જિલ્લા કલેકટરને એક લેખીત રજુઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, ઘોઘંબામાં બ્લડ બેંકની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ કરી છે. આ લેખીત રજુઆતમાં જણાવાયું છે કે, ગોધરા શહેર થી ઘોઘંબા તાલુકાના છેવાડાના ગામ વચ્ચે ૬૦ કિ.મી જેટલું અંતર છે તથા આ વિસ્તારમાં આદિવાસી સમાજની ખુબ મોટી વસ્તી છે. આ સમાજમાં સિકલસેલ, એનિમિયા જેવા રોગોનું પ્રમાણ પણ વધું જોવા મળે છે તથા ઘોઘંબા તાલુકામાં સીંગલ પટ્ટીના અને વાંકા ચુકા વળાંક વાળા રોડ રસ્તા આવેલા છે અને વાહન વ્યવહાર વચ્ચે વારંવાર અકસ્માત બને છે અને લોકો અકસ્માતનો ભોગ બને છે. આ તમામ કારણોના કારણે આ વિસ્તારની જનતા માટે સરળતાથી અને સમયસર લોહીની જરૂર પડતી હોય છે. સિકલસેલ એનિમિયા જેવા દર્દીઓને તેમજ અકસ્માતમાં ભોગ બનેલા વ્યક્તિઓને જો તાત્કાલિક લોહીની જરૂર હોય તો ગોધરા સુધી આવવું પડે છે અને સમયનો વ્યય થાય છે. તેમજ બ્લડ લેવા માટે સામે બ્લડ ડોનેટ કરી શકે તેવા વ્યક્તિઓ પણ મળી શકતા નથી. તેથી બ્લડ લેવા માટે ખુબ મુશ્કેલી પડે છે. તેથી ઘોઘંબા તાલુકાના નાગરીકોની સમસ્યા અને મુશ્કેલીને દુર કરવા માટે આમ આદમી પાર્ટીના ઘોઘંબા તાલુકામાં બ્લડ બેંકની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જિલ્લા કલેકટરને રજુઆત કરી છે.

## સીટી સર્વે તબદીલો હોવા છતાં ગોધરા કસ્બાની નોંધ નં.૬૧૨૮૮ રેવન્યુ રેકર્ડમાં ખોટી રીતે પડેલ પાણીયું બંધ કરવા રજુઆત

ગોધરા,

ગોધરા ધારાના રે.સ.નં.૩૦૧/૯/૧ પૈકી વાળી જમીન બાબતે ખોટી રીતે સીટી સર્વેમાં તબદીલ હોવા છતાં તેમજ તા.૩૦/૦૫/૧૯૭૨ને રમેશચંદ્ર નાનાલાલ મહેતાનું વેચાણ હકકે ચાલુ હોવા છતાં તેમજ સીટી.એસ. તબદીલી હોવા છતાં જે તે સમય ડીસમીશ તથા નિવૃત અધિકારી એ.આઈ.મદારીના મેળાપીપણામાં કોઈપણ રેકર્ડ તપાસ કર્યા વગર પુરતી ચકાસણી નહી કરી કરાવી સીટી તબદીલી હોવા છતાં રેવન્યુ રાહે નોંધ નં.૬૧૨૮૮ રીવીજનમાં લઈ રદ કરવા તા.૨૨/૦૩/૨૦૨૨ના રોજ જીલ્લા કલેકટર પંચમહાલ સમક્ષ આપતા તે બાબતે જીલ્લા કલેકટરના પત્રો નંબર તા.૨૨/૦૩/૨૦૨૨ના પત્ર ક્રમાંક હકપ/વશી/૨૫૦૬/૨૦૨૦ તથા તા.૦૩/૦૬/૨૦૨૨ પત્ર ક્રમાંક હકપ/વશી/૪૦૮૦/૨૦૨૨ તેમજ તા.૨૨/૦૬/૨૦૨૨ પત્ર ક્રમાંક હકપ/વશી/૧૧૨૭/૨૦૨૨ની જીલ્લા કલેકટરના પત્રો અંગે વહીનાટે નાયબ મામલતદાર અરવિંદ રાજપુત ગોધરા શહેર તથા હાલના ફરજ પરના અધિકારી એમ.એમ.ભાભોર દ્વારા અવારનવાર વહિવટીનાટે કોઈ પણ રેર્કડી વિગતો તપાસીયા વગર કે સીટી સર્વેની નકલ રજુ કરેલ હોવા છતાં ખોટા ખોટા જવાબ પાઠવેલ છે. જે બાબતે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા દ્વારા વિગતોવાર રજુઆતો સાથે તેઓ તરફ થી નં.હકપ/વશી/૫૭૪૪/૨૦૨૨ તા.૧૨/૦૭/૨૦૨૨ના રોજ વિગતોવાર ચકાસણી કરી જે નોંધ રેવન્યુ રેકર્ડમાં ચાલતી હોય ખોટી રીતે વારસાઈ કરેલ બાબતે સદર રેવન્યુ રેડર્કનું પાણીયું બંધ કરવા અરજદાર દ્વારા રજુઆતના આધારે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા એ જણાવેલ છે. જેથી આવા કર્મચારીઓ, અધિકારીઓની ખાતાકીય તપાસ મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના આજ્ઞા અનુસાર ખાતાકીય કાર્યવાહી થાય તેવી અરજ ગુજારેલ છે. આમ, તમામ સીટી તબદીલ હોવા છતાં નોંધ નં.૬૧૨૮૮ તથા વિગેરે નોધોનું પાણીયું આજદીન સુધી શહેર વહીવટદાર અરવિંદ રાજપુત તથા શહેર મામલતદાર એમ.એમ.ભાભોર વિલંબ કરી કરાવેલ બાબતે ચી.ટુ.કલેકટર પંચમહાલ ગોધરા દ્વારા સમીક્ષા થાય તેમજ અધિક કલેકટર પંચમહાલ ગોધરા દ્વારા આર.ઓ. મીટીંગ લેવાય અને તાત્કાલીક પાણીયું બંધ થાય તેવી અરજદારની લેખિત તથા મૌખિક રજુઆતો ધ્યાને લેશે કે કેમ તેમ યોગ્ય કાર્યવાહી કરશે કે કરાવશે કે કેમ તેમજ નોંધ નં.૨વાળી જમીનોમાં કોઈપણ મિલ્કતોમાં અવલોકન થયેલ નથી. તે રેકર્ડ જણાય આવતું નથી. તેમજ એન.એ.કરેલ બાબતે વિગતોવાર નોંધોની ચકાસણી કર્યા વગર મોટા પ્રમાણની રામજી મંદિરની જમીનો થી લઘુમતી કોમના ઈસમો બોગસ ખેડુતો બની બેઠા છે. જેથી તમામ મિલ્કતોમાં લઘુમતી કોમના ઈસમોએ તથા પંચમહાલ જીલ્લાના મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરી કરાવવામાં આવે તો બોગસ ખેડુતો બની બનાવેલના કિસ્સા પર્દાફાશ થાય તેમ છે અને બોગસ ખેડુતો પંચમહાલ જીલ્લા માંથી લઘુમતી કોમના ઈસમો બહાર આવે તેમ છે. તેમજ શરત ભંગ કરેલના અનેક કિસ્સા રેર્કડી તપાસ કરતા મળી આવે તેમ છે.

## શહેરાના યુવક સુરત ખાતે યોજાયેલી ફેશન અને મોડેલ સ્પર્ધા વિજેતા બની જીલ્લાનું ગૌરવ વધાર્યું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગરમાં રહેતા આકાશ ત્રિલોકચંદાણીએ સુરત ખાતે યોજાયેલી એક ફેશન અને મોડેલ સ્પર્ધામાં ઈન્ડિયા ટોપ મોડલમાં વિજેતા બની સમગ્ર જિલ્લા અને સિંધી સમાજનુ નામ રોશન કર્યુ છે. મોડેલિંગમાં વિજેતા બનેલ આકાશને આગામી સમયમાં મોડલીંગ અને ફિલ્મલાઈનમા પણ ઉજળી તકો રહેલી છે. શહેરા નગરમાં સિંધી ચોકડી વિસ્તારમાં રહેતા આકાશ ત્રિલોકચંદાનીએ સુરત ખાતે યોજાયેલા ફેશન અને મોડેલિંગની લગતી ઈન્ડિયા ટોપ મોડલ સ્પર્ધામા ભાગ લીધો હતો. જેમા દેશના અગલ અગલ રાજ્યો માંથી મોડલમાં નામ બનાવા માંગતા યુવાનોએ ભાગ લીધો હતો. આકાશ ત્રિલોકચંદાણીએ પણ પોતાના ટેલેન્ટ અને ગુડલુક, રેમ્પવોક,ફેશન સ્પીચ પર્સનાલિટી ડેવલોપમેન્ટ ગુડ લુક્સ ફિટનેસથી બધાને મોહિત કરીને ઈન્ડીયા ટોપ મોડલમા વિજેતા બન્યો હતો.આ કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રવાલ સીઈઓના આકાશ મિત્તલના હસ્તે વિજેતા બનેલ આકાશને પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરવામાં આવ્યાં હતા.વિજેતા બન્યા બાદ આકાશને બે વર્ષના કોન્ટ્રાક્ટ મળશે. જેમાં મોડલિંગ ફોટોશૂટ અને આલ્બમ સોંગમાં કામ આવનાર દિવસોમાં કરનાર છે. શહેરા જેવા નાના નગરમાથી મોડલીંગ સ્પર્ધામાં વિજેતા બનતા આકાશને તેના પરિવારજનો સગા સંબંધીઓને મિત્ર વર્તુળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

## ડાયટ પંચમહાલ દ્વારા અંબાલી મુકામે જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ ઉજવાયો



ગોધરા,

જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પંચમહાલ આયોજિત જિલ્લા કક્ષાનો કલા મહોત્સવ બી.આર.સી. ભવન અંબલી ખાતે તા.૧૫/૦૮/૨૨ ના રોજ યોજાયો હતો. જેમાં વિવિધ સ્પર્ધાઓમાં તાલુકામાં પ્રથમ આવેલ સોર્ધકોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. પંચમહાલના તમામ તાલુકાના પ્રથમ વિજેતા સ્પર્ધકોએ જિલ્લામાં ગાયન, વાદન, ચિત્ર અને બાળ કાવ્ય વિભાગમાં ભાગ લીધો હતો.ચારેય સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ નિર્ણાયકો એ તટસ્થ પરિણામ જાહેર કર્યું હતું. જેમાં બાળ કવિતામાં અતુલકુમાર પટેલ, ગોધરા (પ્રથમ નંબર) સઅદ આમીર ઘાંચી કાલોલ (દ્વિતીય નંબર) દિવ્યાબેન બારીઆ, જાંબુઘોડા (તૃતીય નંબર) વિજેતા થયા હતા. જે તમામને પ્રમાણ પત્ર, ટ્રોફી અને પુરસ્કાર આપવામાં આવ્યો હતો. નિર્ણાયક તરીકે વિનુ બામણીયા, મહેન્દ્ર પરમાર અને પ્રવીણ ખાંટ રહી તટસ્થ પરિણામ આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા સિ.લેકચરર ઉમેશ ચૌહાણે ખૂબ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં ડાયટ પરિવારના સિ.લેક્ચરર ભૂપેન્દ્ર સોલંકી તથા ગોધરા બી.આર.સી. કો.જીગ્નેશ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.